

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 297
Dt.: 02-09-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

### સુરક્ષા, શાંતિ અને સ્થિરતા એ વિકાસનો આધાર : વડાપ્રધાન મોદી

## મોદીએ આતંકવાદનું ખુલ્લેઆમ સમર્થન કરતા દેશોને બરાબર આડે હાથ લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)તિયાનજિન,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચીનના તિયાનજિનમાં ચાલી રહેલા શાંઘાઈ સહયોગ સંગઠનના શિખર સંમેલનને સંબોધન કર્યું. તેમણે આ મંચ પરથી એક સાથે ચીન અને અમેરિકાને તેમની બેવડી નીતિઓ પર આકરા પ્રહાર કર્યા. તેમણે આતંકવાદને દુનિયા માટે મોટો ખતરો ગણાવ્યો. પીએમ મોદીએ પાકિસ્તાની પ્રધાનમંત્રી શાહબાજ શરીફ સામે જ કહ્યું કે પહલગામમાં દુનિયાએ આતંકવાદનો બિહામણો ચહેરો જોયો. ભારત આતંકવાદનો દંશ ઝેલી રહ્યું છે અને આતંકવાદ પર બેવડું વલણ નહીં ચાલે.



પીએમ મોદીએ કહ્યું કે, ભારત છેલ્લા ચાર દાયકાઓથી આતંકવાદનો દંશ ઝેલી રહ્યું છે. હાલમાં જ આપણે પહેલગામમાં આતંકવાદનું બિહામણું સ્વરૂપ જોયું. આ દુખની ઘડીમાં જે મિત્ર દેશ અમારા પડખે રહ્યા હું તેમનો આભાર વ્યક્ત કરું છું. પીએમ મોદીએ કહ્યું કે આ (પહલગામ) હુમલો માનવતામાં વિશ્વાસ ધરાવતા દરેક દેશ અને વ્યક્તિ માટે ખુલ્લો પડકાર હતો. આવામાં સવાલ ઉઠે તે સ્વાભાવિક છે કે કેટલાક દેશો દ્વારા આતંકવાદને ખુલ્લું સમર્થન એ શું સ્વીકાર્ય હોઈ શકે? આપણે સ્પષ્ટ રીતે એક સૂરમાં કહેવું પડશે કે આતંકવાદ પર કોઈ પણ બેવડો માપદંડ સ્વીકાર્ય નહીં હોય. પીએમ મોદીએ કહ્યું કે ભારતે SCO ના સક્રિય સભ્ય તરીકે હંમેશા રચનાત્મક અને સકારાત્મક ભૂમિકા ભજવી છે. જીર્ઝ અંગે ભારતનો દ્રષ્ટિકોણ અને નીતિ ત્રણ મહત્વપૂર્ણ સ્તંભો પર આધારિત છે, S - સિક્યુરિટી, C - કનેક્ટિવિટી, અને O - ઓપોર્ચ્યુનિટી.

પીએમ મોદીએ કહ્યું કે, સુરક્ષા, શાંતિ અને સ્થિરતા કોઈ પણ દેશના વિકાસના આધાર છે. પરંતુ આતંવાદ, અલગાવવાદ, અને અતિવાદ મોટા પડકારો છે. આતંકવાદ ફક્ત કોઈ દેશની સુરક્ષા માટે જ નહીં પરંતુ સમગ્ર માનવતા માટે એક સંયુક્ત પડકાર છે. કોઈ દેશ, કોઈ સમાજ, કોઈ નાગરિક તેનાથી પોતાને સુરક્ષિત સમજી શકે નહીં. આથી ભારતે આતંકવાદની લડાઈમાં એકતા પર ભાર મૂક્યો છે. ભારતે સંયુક્ત સૂચના અભિયાનનું નેતૃત્વ કરીને અલ કાયદા, અને તે સંલગ્ન આતંકવાદી સંગઠનો સામે લડવાની પહેલ કરી, અમે આતંકવાદને ફંડિંગ વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. તેમાં મળેલા સમર્થન માટે હું આભાર વ્યક્ત કરું છું.

આ ઉપરાંત પીએમ મોદીએ એમ પણ કહ્યું કે આજે ભારત "Reform, Perform and Transform" ના મંત્ર પર આગળ વધી રહ્યું છે. કોવિડ હોય કે વૈશ્વિક આર્થિક અસ્થિરતા, અમે દરેક પડકારને અવસરમાં બદલવાની કોશિશ કરી છે. વ્યાપક સુધારા પર સતત કામ થઈ રહ્યું છે. જેનાથી દેશમાં વિકાસની નવી તકો ખુલી રહી છે અને વૈશ્વિક સહયોગ પણ વધી રહ્યો છે. તેમણે તમામ દેશોને ભારતની વિકાસ યાત્રામાં સામેલ થવાનું નિમંત્રણ આપ્યું.

SCOનું સંયુક્ત ઘોષણાપત્ર આવ્યાના થોડા સમય પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આતંકવાદ પર પોતાની વાત મૂકી હતી. મોદીએ કહ્યું કે, આતંકવાદ, અલગતાવાદ અને ઉગ્રવાદ મોટા પડકારો છે. આતંકવાદ માત્ર કોઈ દેશની સુરક્ષા જ નથી, પરંતુ સમગ્ર માનવતા માટે એક સામાન્ય પડકાર છે. કોઈ પણ દેશ, કોઈ સમાજ, કોઈ નાગરિક તેનાથી પોતાને સુરક્ષિત માની શકતો નથી. તેથી જ ભારતે આતંકવાદ સામેની લડાઈમાં એકતા પર ભાર મૂક્યો છે.

મોદીએ કહ્યું કે, છેલ્લા ૨૪ વર્ષોમાં SCOનું સમગ્ર યુરેશિયન ક્ષેત્રને વિસ્તૃત પરિવાર સાથે જોડવામાં ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. ભારતે એક સક્રિય સદસ્ય તરીકે હંમેશા રચનાત્મક અને સકારાત્મક ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે, SCO અંગે ભારતની વિચારસરણી અને નીતિ ત્રણ મુખ્ય સ્તંભો પર આધારિત છેઃ

પીએમએ આગળ કહ્યું કે, ભારત છેલ્લા ૪ દાયકાથી આતંકવાદ સહન કરી રહ્યું છે. ઘણી માતાઓએ પોતાના બાળકો ગુમાવ્યા છે અને ઘણા બાળકો અનાથ બની ગયા છે. તાજેતરમાં જ આપણે પહલગામમાં આતંકવાદનું ખૂબ જ ઘૃણાસ્પદ સ્વરૂપ જોયું. આ હુમલો માત્ર ભારતના અંતરાત્મા પર જ આઘાત નહોતો, પરંતુ તે દરેક દેશ અને માનવતામાં વિશ્વાસ રાખનાર દરેક વ્યક્તિ માટે ખુલ્લો પડકાર હતો.

મોદીએ કહ્યું કે, આવી સ્થિતિમાં એ સવાલ ઉઠવો સ્વાભાવિક છે કે, શું કેટલાક દેશો દ્વારા આતંકવાદને ખુલ્લેઆમ સમર્થન આપણને સ્વીકાર્ય છે? આપણે સ્પષ્ટપણે અને એક સ્વરમાં કહેવું પડશે કે આતંકવાદ પર કોઈ ડબલ સ્ટાન્ડર્ડ સ્વીકાર્ય નથી. આપણે સાથે મળીને આતંકવાદનો દરેક રંગમાં અને દરેક રૂપમાં વિરોધ કરવો પડશે. આ માનવતા પ્રત્યે આપણી જવાબદારી છે.

### PM મોદી સાથેની બેઠકમાં પુતિનનું મોટું નિવેદન

## ભારત સાથે રાજકારણ નહીં, વિશ્વાસનો સંબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)તિયાનજિન,

ભારત અને રશિયા વચ્ચેનો સંબંધ રાજકીય નહીં પણ વિશ્વાસનો છે. તાજેતરમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ની બેઠક બાદ ચીનમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થઈ હતી. આ વાતચીત દરમિયાન બંને દેશોએ પોતાના ઐતિહાસિક સંબંધોનો ઉલ્લેખ કર્યો અને સહકાર વધારવાની ઈચ્છા વ્યક્ત કરી. વૈશ્વિક સ્તરે ભારત-રશિયાની મિત્રતા અમેરિકાને એક સ્પષ્ટ સંદેશ આપી રહી છે કે, ભલે કોઈપણ દબાણ આવે, પણ ભારત ક્યારેય પોતાના સંબંધોને છોડશે નહીં. આ મુલાકાત દરમિયાન પુતિને કહ્યું કે, ભારત અને રશિયા વચ્ચેનો સંબંધ રાજકીય આધાર પર નહીં, પરંતુ વિશ્વાસ પર આધારિત છે. વડાપ્રધાન મોદીએ વ્લાદિમીર પુતિનની વાતને સમર્થન આપતા કહ્યું કે, ભારત અને રશિયાના સંબંધો સારા જ નહીં, પરંતુ ખરાબ સમયમાં પણ મજબૂત રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે, પુતિન સાથેની મુલાકાત હંમેશા યાદગાર હોય છે. તેમણે પુતિનને ડિસેમ્બરમાં થનારી ભારત યાત્રા માટે આવકાર આપ્યો અને કહ્યું કે ૧૪૦ કરોડ ભારતીયો તેમની રાહ જોઈ રહ્યા છે.

વડાપ્રધાન મોદીએ યુક્રેન સંઘર્ષ પર પણ વાતચીત કરી હતી અને શાંતિ પ્રયાસોનું સ્વાગત કર્યું. તેમણે કહ્યું કે, ભારત શાંતિ માટે દરેક પગલે સાથે છે. વર્તમાન પરિસ્થિતિમાં, ચીન-ભારત અને



રશિયા મળીને વૈશ્વિક સ્તરે ધ્યાન આકર્ષિત કરી રહ્યા છે. અમેરિકાનું દબાણ છતાં, ભારત-રશિયા એકબીજાના ગાઢ સહયોગી રહ્યા છે.

બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટોથી સ્પષ્ટ થાય છે કે, ભારત કોઈના દબાણમાં આવીને પોતાના ઐતિહાસિક અને વિશ્વસનીય સંબંધોને તોડશે નહીં. આ બેઠકમાં બંને નેતાઓ વચ્ચેની અનૌપચારિકતા અને સ્મિત સ્પષ્ટપણે જોવા મળ્યા, જે તેમના ગાઢ સંબંધોની સાબિતી છે. પુતિને ભારતને મુશ્કેલ સમયનો સાથી ગણાવ્યો, જે બંને દેશો વચ્ચેના મજબૂત બંધનને દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે તાજેતરમાં જ ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ ઝિંક્યો છે. ભારત રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદતું હોવાથી અને રશિયા તે ઓઈલના નાણાં યુક્રેન વિરુદ્ધના યુદ્ધમાં ઉપયોગ કરવાનો ટ્રમ્પે આક્ષેપ કર્યો છે, ત્યારબાદ તેમણે ભારત પર મસમોટો ટેરિફ બોંબ ઝિંકી દીધો છે.

### મોદીએ પુતિનને ભારત આવવાનું આમંત્રણ આપ્યું

## પુતિન સાથે મીટિંગમાં બોલ્યા PM મોદી; યુક્રેનના મુદ્દે પણ થઈ ચર્ચા

(સંપૂર્ણ સમાચાર સેવા)તિયાનજિન,

ચીનના તિયાનજિન શહેરમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટના સમાપન બાદ, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે હોટેલ રિટ્ઝ કાર્લટનમાં એક દ્વિપક્ષીય બેઠક યોજાઈ. આ બેઠકમાં આર્થિક સહયોગ, વ્યૂહાત્મક ભાગીદારી, ઊર્જા અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર ચર્ચા થઈ. રશિયન રાષ્ટ્રપતિએ આ વાતચીતમાં કહ્યું કે, વડાપ્રધાન મોદીને મળીને મને આનંદ થયો. ટ્રમ્પના દબાણ વચ્ચે ભારત-રશિયાના સંબંધો સિદ્ધાંતોના આધારે મજબૂત રહેશે.

પુતિને PM મોદી સાથેની બેઠકમાં જણાવ્યું કે, ભારત-રશિયાના સંબંધો વિશેષ અને વ્યૂહાત્મક ભાગીદારીના સિદ્ધાંતો પર વિકસી રહ્યા છે. વૈશ્વિક રાજકારણની અનિશ્ચિતતા વચ્ચે, બંને નેતાઓ સંબંધોને વધુ મજબૂત કરવા પર ભાર મૂકી રહ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન તેલની ખરીદી પર લાદવામાં આવેલા ટેરિફ છતાં, મોદી અને પુતિન અમેરિકી દબાણને અવગણીને તેમની મિત્રતાને નવો આકાર આપી રહ્યા છે.

તિયાનજિનમાં SCO સમિટ દરમિયાન PM મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચેની મુલાકાત બાદ, PM મોદીએ X પર પોસ્ટ કરીને કહ્યું કે, રાષ્ટ્રપતિ પુતિન સાથે એક શાનદાર બેઠક થઈ. આ બેઠકમાં વેપાર, ખાતર, અંતરિક્ષ, સુરક્ષા અને સંસ્કૃતિ સહિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત કરવાના માર્ગો પર ચર્ચા થઈ. અમે યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ સમાધાન સહિત, પ્રાદેશિક અને વૈશ્વિક ઘટનાક્રમો પર પણ મંતવ્યો વ્યક્ત કર્યા. ભારત અને રશિયાની વિશેષ અને વિશેષાધિકાર પ્રાપ્ત વ્યૂહાત્મક ભાગીદારી પ્રાદેશિક અને વૈશ્વિક સ્થિરતાનો એક મહત્ત્વપૂર્ણ સ્તંભ બની રહી છે.

### ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર નહીં

## ૧૯ કિલોવાળા કોમર્શિયલ એલપીજી ગેસના બાટલાના ભાવમાં ઘટાડો

### લેટેસ્ટ ભાવ બાદ હવે દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ઘટીને ૧૫૮૦ રૂપિયા થયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં સારા સમાચાર આવ્યા છે. એલપીજી ગેસનો બાટલો સસ્તો થયો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કર્યો છે. જો કે આ વખતે પણ ૧૯ કિલોવાળા કોમર્શિયલ એલપીજી ગેસના બાટલાના ભાવ ઘટ્યા છે. લેટેસ્ટ ભાવ બાદ હવે દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ઘટીને ૧૫૮૦ રૂપિયા થયો છે. આ અગાઉ ઓગસ્ટ મહિનામાં પણ તેના ભાવમાં ઘટાડો થયો હતો. જો કે ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર નથી. નવા ભાવ આજથી લાગૂ થઈ ગયા છે. આઈઓસીએલની વેબસાઈટ પર અપડેટ કરાયેલા નવા ભાવ મુજબ દિલ્હીમાં ૧૯ કિલો કોમર્શિયલ ગેસનો બાટલો ૧૬૩૧.૫૦ થી ઘટીને ૧૫૮૦ રૂપિયા થયો છે. જ્યારે કોલકાતામાં ૧૭૩૪.૫૦ રૂપિયાનો બાટલો હવે ૧૬૮૪ રૂપિયામાં મળશે. મુંબઈમાં પણ ૧૫૮૨.૫૦ રૂપિયાનો બાટલો હવે ૧૫૩૧.૫૦ રૂપિયામાં મળશે. જ્યારે ચેન્નાઈમાં એક સિલેન્ડરનો ભાવ ૧૭૮૯ રૂપિયાથી ઘટીને ૧૭૩૮ રૂપિયા થયો છે. ૧૯ કિલોવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં છેલ્લા કેટલાક મહિનાથી સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આ અગાઉ ઓગસ્ટ



મહિનાની શરૂઆતમાં પણ ભાવમાં ૩૩.૫૦ રૂપિયા ઘટ્યા હતા. તે પહેલા ૧ જુલાઈના રોજ પણ ૫૮ રૂપિયા ઘટાડો જોવા મળ્યો હતો.

એક બાજુ જ્યાં કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે ત્યારે ૧૪ કિલોવાળા ઘરેલુ રાંધણ ગેસના બાટલાના ભાવમાં કોઈ ફેરફાર નથી. છેલ્લા ૧૪ કિલોવાળા સિલિન્ડરના ભાવમાં ૮ એપ્રિલના રોજ ફેરફાર જોવા મળ્યો હતો. પરંતુ ત્યારબાદ ભાવ બદલાયા નથી. હાલ દિલ્હીમાં તે ૮૫૩ રૂપિયામાં, કોલકાતામાં ૮૭૯ રૂપિયા, મુંબઈમાં ૮૫૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૮૬૮.૫૦ રૂપિયામાં બાટલો મળે છે. નોંધનીય છે કે ઓઈલ કંપનીઓ દર મહિનાની પહેલી તારીખે એલપીજી સિલિન્ડરના ભાવની સમીક્ષા કરે છે. ત્યારબાદ નવા રેટ જાહેર થાય છે. આ ભાવ ક્રૂડ ઓઈલના વૈશ્વિક ભાવ, ઈન્ડિયન કરન્સી રૂપિયાની સ્થિતિ તથા અન્ય બજાર સ્થિતિઓ પર નિર્ભર કરે છે અને પહેલી તારીખે નવા ભાવ જાહેર થાય છે. ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરના ભાવમાં આ ઘટાડો હોટલ, રેસ્ટોરન્ટ, ઢાબા અને અન્ય વ્યવસાયિક સંસ્થાનો માટે રાહતના સમાચાર છે. જે કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરે છે.

## ચારધામ અને હેમકુંડ સાહિબ યાત્રા અટકાવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)દહેરાદુન,

ઉત્તરાખંડમાં મેઘરાજાએ ભયાનક તબાહી સર્જી છે. અહીં અનેક સ્થળે ભૂસ્ખલનની ઘટનાઓ બન્યા બાદ અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે. આ ઉપરાંત ચારધામ યાત્રા અને હેમકુંડ સાહિબ યાત્રાના માર્ગ પર પણ અનેક ઠેકાણે ભૂસ્ખલન થતા રસ્તાઓ બંધ થઈ ગયા છે. બીજીતરફ હવામાન વિભાગે રાજ્યમાં પાંચમી ઓગસ્ટ સુધી ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. જેને ધ્યાને લઈને રાજ્ય સરકારે ચારધામ એટલે કે બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીની યાત્રા પાંચ સપ્ટેમ્બર સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો છે. આ સાથે હેમકુંડ સાહિબ યાત્રા પણ અટકાવી દેવાઈ છે. ગઢવાલના કમિશનર વિનય શંકર પાંડેએ કહ્યું કે, ‘રાજ્યમાં ભારે વરસાદ વચ્ચે અનેક સ્થળે ભૂસ્ખલન થયા બાદ અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે. હાલ રસ્તા પરથી કાટમાળ હટાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જોકે શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સુવિધાને ધ્યાને રાખી હાલ ચારધામ યાત્રા અને હેમકુંડ સાહિબ યાત્રા પાંચ સપ્ટેમ્બર સુધી સ્થગિત રાખવાનો નિર્ણય લેવાયો છે. ઉત્તરાખંડ હવામાન વિભાગે પાંચ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદ પડવાની આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ગઢવાલ અને કુમાઈના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. આ કારણે નદીઓના જળસ્તરમાં વધારો થઈ શકે છે.



# તંત્રી લેખ.....

## બે સિસ્ટમ અથડાશે અને ઘણા વિસ્તારોનો ખુડદો બોલાશે

પહાડી વિસ્તારોમાં જોરદાર વરસાદના કારણે ઉત્તર ભારતમાં નદીઓએ તાંડવ મચાવ્યું છે. પંજાબના લગભગ ૯ હજાર જેટલા ગામડા ડૂબ્યા છે. મોટાભાગની નદીઓએ ખતરાના નિશાન ઉપર વહી રહી છે. બીજી બાજુ હવામાન વિભાગે પણ એક ડરામણી ભવિષ્યવાણી કરી છે. IMD નું કહેવું છે કે મોનસૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના અથડાવવાથી આવનારા સમયમાં વરસાદની ગતિવિધિઓ તેજ થશે. જેનાથી જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ, અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદની શક્યતા છે. આ સાથે જ નદીઓમાં પુર, ભૂસ્ખલન અને વાદળ ફાટવાની ઘટનાઓ પણ વધી શકે છે. હવામાન વિભાગે કહ્યું કે ૧ સપ્ટેમ્બરથી ઉત્તરાખંડના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે. હિમાચલ પ્રદેશ, અને જમ્મુ કાશ્મીરમાં બે સપ્ટેમ્બરના રોજ મૂસળધાર વરસાદ પડી શકે છે. આગામી ત્રણથી ચાર દિવસ પહાડી વિસ્તારો માટે ખુબ ગંભીર છે. આમ તો ઉત્તર ભારતમાં શિયાળામાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ વધુ એક્ટિવ રહે છે. જ્યારે મોનસૂન સિસ્ટમમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના અથડાવવાથી ગંભીર સ્થિતિ પેદા થવાનું જોખમ રહે છે. હવામાન વિભાગના ડાયરેક્ટર મૃત્યુંજય મોહાપાત્રાએ કહ્યું કે ઉત્તરાખંડ, જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ઓગસ્ટમાં થયેલા મૂસળધાર વરસાદની પાછળ પણ આ કારણ હતું. ઉત્તરાખંડના ધરાલી, જમ્મુ કાશ્મીરના કિશ્તેવાડ અને હિમાચલના મંડીમાં આફત પાછળ પણ આ કારણ હોઈ શકે છે. દહેરાદૂનના સીનિયર હવામાન વૈજ્ઞાનિક થપલિયાલે કહ્યું કે આગામી ૪૮ કલાક ઉત્તરાખંડ માટે ખુબ સંવેદનશીલ છે. બંને સિસ્ટમ અથડાવવાથી ભારે વરસાદનું અનુમાન છે. આવામાં દહેરાદૂનમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. આ ઉપરાંત ટેહરી, પૌડી, હરિદ્વાર, ચંપાવત,નૈનીતાલ, બાગેશ્વર અને ઉધમસિંહ નગરમાં પણ રેડ એલર્ટ જાહેર છે. હાલ મોનસૂન ટ્રફ દક્ષિણમાં પોતાની સામાન્ય ગતિ પર છે. જ્યારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ચક્રવાતીય પરિસંચરણ તરીકે ઉત્તરી પાકિસ્તાન અને પંજાબ પર બનેલું છે. આ ઉપરાંત રાજસ્થાન, મધ્ય પ્રદેશ પર સર્ક્યુલેશનના કારણે અરબ સાગર અને બંગાળની ખાડીથી પણ વધુ ભેજ હિમાલય તરફ આગળ વધી રહ્યો છે. જેના કારણે હિમાલયની આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે.

### અમેરિકાને ભારતની મિત્રતા યાદ આવી

# PM મોદી, પુતિન અને જિનપિંગની મુલાકાત બાદ અમેરિકાના સૂર બદલાયા

## તેમના આ મિલાપ વચ્ચે ભારતમાં અમેરિકાના દૂતાવાસે એક પોસ્ટ કરી ભારત-અમેરિકાની મિત્રતાનો ઉલ્લેખ કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ શાંઘાઈ સહયોગ સંગઠન શિખર સંમેલનમાં એકમંચ પર જોવા મળ્યા છે.

ત્રણેય નેતાઓ એક-બીજા સાથે હળીમળીને વાતચીત કરી ત્રણેય દેશ એકજૂટ હોવાનો સંદેશ આપ્યો છે. તેમના આ મિલાપ વચ્ચે ભારતમાં અમેરિકાના દૂતાવાસે એક પોસ્ટ કરી ભારત-અમેરિકાની મિત્રતાનો ઉલ્લેખ કર્યો હતો. અમેરિકાના દૂતાવાસે આજે સોમવારે એક સોશિયલ મીડિયા પોસ્ટ કરી ભારત સાથેની મિત્રતા યાદ કરી હતી. તેણે પોસ્ટમાં લખ્યું હતું કે, યુએસએ અને ભારત વચ્ચેની ભાગીદારી સતત નવી ઊંચાઈએ પહોંચી રહી છે. આ ૨૧મી સદીનો નિર્ણાયક સંબંધ છે. ઈનોવેશન અને ઉદ્યમથી માંડી સંરક્ષણ અને દ્વિપક્ષીય સંબંધો સુધી બંને દેશો વચ્ચે સ્થાયી મિત્રતા છે. તે એક નવી ઉર્જા પ્રદાન કરે છે. ઉલ્લેખનીય છે, આ પોસ્ટમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોનું નિવેદન પણ સામેલ હતું. તેમણે કહ્યું કે, ભારત અને અમેરિકાના લોકો વચ્ચે ગાઢ મિત્રતા અમારા સંબંધોનો આધાર છે.

ચીનના તિયાનજિન શહેરમાં આયોજિત એસસીઓ સમિટ પૂર્ણ થઈ છે. ત્યારબાદ વડાપ્રધાન મોદી અને રશિયાના પ્રમુખ પુતિન વચ્ચે દ્વિપક્ષીય બેઠક થઈ હતી. એક બાજુ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન ક્રૂડ ખરીદવા મુદ્દે ભારત પર દબાણ થઈ રહ્યું છે. ભારત પર પેનલ્ટી પેટે તેણે વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે. જેનાથી ભારત હાલ ૫૦ ટકા ટેરિફનો સામનો કરી રહ્યું છે. એક દિવસ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય બેઠક થઈ હતી. જે આશરે ૧ કલાક સુધી ચાલી હતી. મીટિંગમાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ભારત અંગત વિશ્વાસ અને સન્માન સાથે સંબંધોને વેગ આપવા પ્રતિબદ્ધ છે. ચીનના પ્રમુખે જણાવ્યું કે, ડ્રેગન અને એલિફન્ટ એક સાથે મળી સહયોગમાં વધારો કરે. ભારત અને ચીન વિકાસના ભાગીદાર છે, હરીફ નથી અને મતભેદોને વિવાદોમાં ફેરવવા જોઈએ નહીં. પીએમ મોદીએ જિંગપિંગને ૨૦૨૬માં ભારત દ્વારા યોજાનારી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા આમંત્રણ પણ આપ્યું હતું.

### સામે આવ્યો ચોંકાવનારો રિપોર્ટ

# ભારતમાં માર્ગ અકસ્માતમાં દર કલાકે ૨૦ લોકોના મોત

## રિપોર્ટ અનુસાર ઓવર-સ્પીડિંગ અને ખોટા દિશામાં ગાડી ચલાવવી દુર્ઘટનાના સૌથી મોટા કારણ બન્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારતમાં રોડ સુરક્ષાની સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે. રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય (MoRTH) ના લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૨૩મા ૧.૭૨ લાખથી વધુ લોકોના મોત રોડ અકસ્માતમાં થયા છે. તેનો મતલબ છે કે દેશમાં એવરેજ દરરોજ ૪૭૪ લોકો અને દર કલાકે આશરે ૨૦ લોકો રોડ અકસ્માતનો શિકાર બની પોતાનો જીવ ગુમાવી રહ્યાં છે. આ આંકડા કોઈ મહામારીથી ઓછા નથી અને તે દર્શાવે છે કે આપણા રોડ હજુ કેટલા ખતરનાક છે.

રિપોર્ટ અનુસાર ઓવર-સ્પીડિંગ અને ખોટા દિશામાં ગાડી ચલાવવી દુર્ઘટનાના સૌથી મોટા કારણ બન્યા. આ સિવાય હેલ્મેટ અને સીટ બેલ્ટનો ઉપયોગ ન કરવો પણ મોતનું કારણ છે. આંકડા દર્શાવે છે કે માત્ર હેલ્મેટ ન પહેરવાથી ૫૪૫૬૮ બાઈક સવારોના મોત થયા છે. એટલું જ નહીં સીટ બેલ્ટનો ઉપયોગ ન કરવાથી પણ હજારો લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

આ અહેવાલમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે માર્ગ અકસ્માતોની સૌથી મોટી અસર રાહદારીઓ અને ટુ-વ્હીલર ચાલકો પર પડે છે.

ફક્ત ૨૦૨૩ માં જ ૩૫,૦૦૦ થી વધુ રાહદારીઓના મૃત્યુ થયા હતા, જે ૨૦૨૨ કરતા ઘણા વધારે છે. આ દર્શાવે છે કે ભારતના રસ્તાઓ હજુ પણ રાહદારીઓ અને સાયકલ સવારો માટે સલામત નથી. રોડ સેફ્ટી નેટવર્ક અને કંઝ્યુમર વોઈસ જેવી સંસ્થાઓના નિષ્ણાંતોનું કહેવું છે કે દુર્ઘટનાની જવાબદારી માત્ર માનવીય ભૂલો પર ન નાખી શકાય. હકીકતમાં સિસ્ટમેટિક ફેરફારોની જરૂર છે. તેમાં કાયદાનું કડક પાલન, હેલ્મેટ અને સીટ બેલ્ટના નિયમોનો કડકાઈથી અમલ અને શહેરો-ગામડામાં સુરક્ષિત રોડ માળખાનું નિર્માણ સામેલ હોવું જોઈએ. નિષ્ણાંતો તે પણ કહે છે કે રોડ સુરક્ષા હવે માત્ર ટ્રાન્સપોર્ટ ઈશ્યુ નહીં, પરંતુ પબ્લિક હેલ્થ ઈમરજન્સી માનવામાં આવે. ત્યારે આ સંકટ પર કાબૂ મેળવી શકાશે. નોંધનીય છે કે ભારતે ૨૦૩૦ સુધી રોડ અકસ્માતમાં થનારા મોત અને ઈજાને અડધી કરવાનું લક્ષ્ય રાખ્યું છે. તે માટે એક રાષ્ટ્રીય રોડ સુરક્ષા મિશનની શરૂઆત કરવી ખૂબ જરૂરી છે. જ્યાં સુધી રાહદારીઓ, સાઈકલ ચાલકો અને ટૂ-વ્હીલર સવારોની સુરક્ષાને પ્રાથમિકતા ન આપવામાં આવે, ત્યાં સુધી સ્થિતિ સુધારવામાં મુશ્કેલી થશે.

### મતદાતા અધિકાર યાત્રામાં રાહુલ ગાંધીએ સાધ્યું નિશાન

# નવા મતદારોના વૉટ ભાજપના ખાતામાં કેવી રીતે આવી ગયા?

## ભાજપ અને ચૂંટણી પંચ મળીને વૉટ ચોરી કરી રહ્યા છે, જે યુવાનોના અધિકારો, આરક્ષણ અને રોજગાર પર સીધો હુમલો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

વિપક્ષી ગઠબંધન I.N.D.I.A. દ્વારા આયોજિત મતદાતા અધિકાર યાત્રાનું પટણામાં સમાપન થયું છે. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા તેજસ્વી યાદવે સભા સંબોધી હતી, આ દરમિયાન બંને નેતાઓએ ભાજપ અને ચૂંટણી પંચ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે કહ્યું કે, ભાજપ અને ચૂંટણી પંચ મળીને 'વૉટ ચોરી' કરી રહ્યા છે, જે યુવાનોના અધિકારો, આરક્ષણ અને રોજગાર પર સીધો હુમલો છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, વૉટ ચોરી માત્ર ચૂંટણીમાં ગેરરીતિ નથી, પરંતુ તે દેશના યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે. વૉટ ચોરી એટલે તમારા અધિકારો, આરક્ષણ, રોજગાર અને શિક્ષણના અવસરોની ચોરી. જો આ ચાલુ રહેશે, તો તમારું રાશન કાર્ડ અને તમારી જમીન પણ છીનવીને ઉદ્યોગપતિઓને આપી દેવામાં આવશે. તેમણે મહારાષ્ટ્રની ચૂંટણીઓનો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'મહારાષ્ટ્રમાં કોંગ્રેસ, એનસીપી અને શિવસેના પાસેથી ચૂંટણી છિનવી લેવાઈ. લોકસભા ચૂંટણી બાદ લગભગ એક કરોડ નવા મતદારો મતદાર યાદીમાં ઉમેરાયા છે. અમારા ગઠબંધનને લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં લગભગ બરાબરના મત મળ્યા હતા, તો પછી આ નવા મતદારોના વૉટ ભાજપના ખાતામાં કેવી રીતે ગયા? આ બાબત દર્શાવે છે કે ચૂંટણી પંચ અને ભાજપ મળીને વૉટની ચોરી કરી રહ્યા છે.'

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ મહાત્મા ગાંધી અને બાબાસાહેબ આંબેડકરનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે કહ્યું કે, 'જે શક્તિઓએ મહાત્મા ગાંધીની હત્યા કરી હતી, તે જ શક્તિઓ આજે સંવિધાનને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ અમે આવું નહીં કરવા દઈએ. મતદાતા અધિકાર યાત્રાને સમગ્ર બિહાર અને દેશભરમાંથી અપાર સમર્થન મળ્યું છે.'

તેજસ્વી યાદવ અને અન્ય વિપક્ષી નેતાઓએ પણ આ સભાને સંબોધિત કરી. તેમણે કહ્યું કે, ભાજપ લોકશાહીને નબળી પાડવાનું ષડયંત્ર રચી રહી છે, પરંતુ બિહારની જનતા-૨૦૨૫માં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓમાં તેનો જડબાતોડ જવાબ આપશે. યાત્રાના સમાપન દરમિયાન મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો જોવા મળ્યા હતા.

# ૨૦ ટકા ઈથેનોલવાળું જ પેટ્રોલ મળશે, સુપ્રીમ કોર્ટે વિકલ્પની માંગ કરતી અરજી ફગાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

દેશભરમાં ૨૦% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ (E20)નું વેચાણ બંધ કરવા કે ઈથેનોલ ફ્રી પેટ્રોલનું પણ વેચાણ કરવાની જાહેર હિતની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. ચીફ જસ્ટિસ બી.આર. ગવઈની અધ્યક્ષતા ધરાવતી બેન્ચે આ અરજી પર સુનાવણી કરતા કહ્યું હતું કે, આ મુદ્દે હસ્તક્ષેપની કોઈ જરૂર નથી. આ અરજીમાં કહેવાયું હતું કે, દેશના કરોડો વાહન ચાલકોને એવા ફ્યૂલનો ઉપયોગ કરવા માટે મજબૂર કરાઈ રહ્યા છે, જે તેમના વાહનના એન્જિન માટે છે જ નહીં. અમે ઈથેનોલ ધરાવતું પેટ્રોલ હટાવવાની માંગ નથી કરતા, પરંતુ ગ્રાહકોને ઈથેનોલ વિનાના પેટ્રોલ પણ વિકલ્પ મળે તેવી માગ કરીએ છીએ. આ અરજીમાં તમામ પેટ્રોલ પંપ પર ઈથેનોલ મુક્ત પેટ્રોલ મળી શકે એવી વ્યવસ્થા કરવાનો, ઈથેનોલ યુક્ત પેટ્રોલના સ્પષ્ટ લેબલ, ગ્રાહકોને વાહનની ફ્યૂલ કોમ્પેટિબિલિટીની માહિતી આપવાની તેમજ કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ ૨૦૧૯ હેઠળ યોગ્ય એડવાઈઝરી જાહેર કરવાની માગ પણ કરાઈ હતી. જો કે, આ અરજી ફગાવતા એટર્ની જનરલ આર. વેંકટરમાનીએ કહ્યું હતું કે, ઈથેનોલ બ્લેન્ડિંગથી શેરડીના ખેડૂતોને ઘણો લાભ થયો છે. તેથી આ માગ યોગ્ય નથી. ભારત સરકાર પેટ્રોલમાં ૨૦ ટકા સુધી ઈથેનોલ ઉમેરે છે. આનાથી શેરડીની ખેતી કરતા ખેડૂતોને ફાયદો થાય છે અને તેમની શેરડી વધુ કિંમતે વેચાય છે.

### ૨૦૨૨ની તુલનામાં ચાર ગણી વધી ઈનામી રાશિ

# મહિલા વનડે વર્લ્ડ કપ માટે પ્રાઈઝ મનીની જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

૩૦ સપ્ટેમ્બરથી ભારતમાં મહિલા વનડે વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે. ICC એ આ ટુર્નામેન્ટ માટે ઈનામી રકમની જાહેરાત કરી છે. આ વખતે વર્લ્ડ કપ જીતનારી ટીમ પર ઘણા પૈસાનો વરસાદ થવાનો છે.

ICC એ મહિલા વર્લ્ડ કપ જીતનારી ટીમ માટે ૪.૪૮ મિલિયન ડોલર (૩૯.૪ કરોડ) ની ઈનામી રકમની જાહેરાત કરી છે, જે ૨૦૨૨માં રમાયેલા ODI વર્લ્ડ કપ કરતા ૪ ગણી વધારે છે. ૨૦૨૨ મહિલા વર્લ્ડ કપનો ખિતાબ ઓસ્ટ્રેલિયાએ જીત્યો હતો.

આઠ ટીમોની આ ટુર્નામેન્ટની કુલ ઈનામી રકમ $13.88 મિલિયન છે, જે ૨૦૨૨માં ન્યુઝીલેન્ડમાં યોજાયેલા છેલ્લા મહિલા વર્લ્ડ કપના ઈ૩.૫ મિલિયન કરતા ૨૯૭ ટકા વધુ છે. આ મહિલા વર્લ્ડ કપની કુલ ઈનામી રકમ ICC મેન્સ વર્લ્ડ કપ ૨૦૨૩ની ઈનામી રકમ કરતાં પણ વધુ છે. તમને જણાવી દઈએ કે ૨૦૨૩ના ODI વર્લ્ડ કપ માટે કુલ ઈનામી રકમ $10 મિલિયન હતી.

આ વખતે રનર અપ ટીમને $2.24 મિલિયન મળશે. જ્યારે બંને હારેલી સેમિફાઈનલ ટીમોને $1.12 મિલિયન મળશે. ગ્રુપ-સ્ટેજમાં દરેક મેચ જીતનારી ટીમોને $34,314 મળશે. પાંચમા અને છઠ્ઠા ક્રમે રહેનાર ટીમોને $700,000 મળશે, જ્યારે સાતમા અને આઠમા ક્રમે રહેનાર ટીમોને $280,000 મળશે. ટુર્નામેન્ટમાં ભાગ લેનાર દરેક ટીમને $250,000 મળશે.

ઈનામની રકમની જાહેરાત કરતા, ICC ચેરમેન જય શાહે કહ્યું કે આ જાહેરાત મહિલા ક્રિકેટની સફરમાં એક મોટો સીમાચિહ્નરૂપ છે. ઈનામની રકમમાં આ ચાર ગણો વધારો મહિલા ક્રિકેટ માટે એક ઐતિહાસિક ક્ષણ છે અને તેના લોંગ ટર્મ ગ્રોથ માટે અમારી સ્પષ્ટ પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

અમારો સંદેશ સરળ છે, મહિલા ક્રિકેટરોને ખબર હોવી જોઈએ કે જો તેઓ આ રમતને વ્યાવસાયિક રીતે આગળ વધારવાનું પસંદ કરે છે તો તેમની સાથે પુરુષોની જેમ સમાન વ્યવહાર કરવામાં આવશે.

મહિલા ODI વર્લ્ડ કપ ૩૦ સપ્ટેમ્બરથી ભારત અને શ્રીલંકામાં શરૂ થવા જઈ રહ્યો છે. ICC મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫માં, ટીમ ઈન્ડિયા ૩૦ સપ્ટેમ્બરે શ્રીલંકા સામે પોતાનો પહેલો મુકાબલો રમશે.

### રોહિત શર્માનું બ્રોન્કો ટેસ્ટનું આવી ગયું રિઝલ્ટ

# રોહિત શર્માએ બ્રોન્કો ટેસ્ટ અને યોયો ટેસ્ટ પાસ કર્યો

## રોહિત શર્માએ BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે આયોજિત ફિટનેસ કેમ્પ દરમિયાન બ્રોક્રો ટેસ્ટ પાસ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારતના મહાન બેટ્સમેન અને ODI કેપ્ટન હિટમેન રોહિત શર્માએ બ્રોક્રો ટેસ્ટ કરાવ્યો હતો, જેનું પરિણામ આવ્યું છે. રોહિત શર્મા ઉપરાંત શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, વોશિંગ્ટન સુંદર, શાર્દુલ ઠાકુર અને યશસ્વી જયસ્વાલ જેવા ટોચના ક્રિકેટરોએ પણ આ ટેસ્ટ આપ્યો હતો. હવે સ્પષ્ટ થઈ ગયું છે કે કયા ક્રિકેટરે આ ટેસ્ટ પાસ કર્યો છે. તમને જણાવી દઈએ કે BCCIએ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓના ફિટનેસ સ્તરને વધારવા માટે બ્રોક્રો ટેસ્ટ ફરજિયાત બનાવ્યો છે. અહેવાલો અનુસાર, ૩૮ વર્ષીય રોહિત શર્માએ BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે આયોજિત ફિટનેસ કેમ્પ દરમિયાન બ્રોક્રો ટેસ્ટ અને યો-યો ટેસ્ટ પાસ કર્યો છે. રોહિત શર્માના સ્ટેમિનામાં ઘણો સુધારો થયો છે, જેનાથી કોચિંગ સ્ટાફ સંતુષ્ટ થયો છે. રોહિત શર્મા ઉપરાંત શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ પણ આ ટેસ્ટમાં પાસ થયા છે. આ ઉપરાંત મોહમ્મદ સિરાજ, વોશિંગ્ટન સુંદર, શાર્દુલ ઠાકુર અને યશસ્વી જયસ્વાલ પણ આ ટેસ્ટમાં પાસ થયા છે. અહેવાલો અનુસાર, પ્રસિદ્ધિ કૃષ્ણાએ બ્રોક્રો ટેસ્ટ દરમિયાન બધાને પ્રભાવિત કર્યા. બ્રોક્રો ટેસ્ટ તેની તીવ્રતા અને ખેલાડીની સહનશક્તિ, સ્ટેમિના અને રિકવરીને પડકારવાની ક્ષમતા માટે જાણીતો છે. ક્રિકેટ જગતમાં બ્રોક્રો ટેસ્ટ નવો હોવા છતાં તેનો ઉપયોગ લાંબા સમયથી રગ્બીમાં ફિટનેસના ધોરણ તરીકે કરવામાં આવે છે.

આજના યુગમાં ક્રિકેટ શેડ્યૂલ ખેલાડીઓને ખૂબ જ વ્યસ્ત રાખે છે, જેના માટે ક્રિકેટરોને હાઈ ફિટનેસ સ્તરની જરૂર હોય છે. આને ધ્યાનમાં રાખીને બ્રોક્રો ટેસ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.

બ્રોક્રો ટેસ્ટનું સેટઅપ એટલું જ સરળ છે જેટલું તે શારીરિક રીતે પડકારજનક છે. આ ટેસ્ટમાં, ૦ મીટર, ૨૦ મીટર, ૪૦ મીટર અને ૬૦ મીટરના અંતરાલમાં ચાર કોન મૂકવામાં આવે છે. આ શટલ પેટર્નમાં દરેક સેટમાં કુલ ૨૪૦ મીટર દોડનો સમાવેશ થાય છે. ખેલાડીઓએ આના પાંચ સેટ પૂર્ણ કરવાના હોય છે.

આ દોડ કુલ ૧,૨૦૦ મીટરની છે, તેમાં કોઈપણ પ્રકારનો આરામ અંતરાલ નથી. ખેલાડીનું ટાર્ગેટ તેને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું છે. આ ટેસ્ટ દરમિયાન ખેલાડીના કુલ સમયના આધારે રમતવીરના એરોબિક પ્રદર્શનનું પરીક્ષણ કરવામાં આવે છે. બ્રોક્રો ટેસ્ટ એ ખેલાડીઓ માટે માત્ર શારીરિક કવાયત નથી, પરંતુ તે એક માપદંડ પણ છે કે ખેલાડી સતત ઉચ્ચ-તીવ્રતાના પ્રયત્નોનો કેટલો સમય સામનો કરી શકે છે, ખાસ કરીને જ્યારે તેમાં વારંવાર દિશા બદલાતી રહે છે અને ઝડપી દોડનો સમાવેશ થાય છે. ક્રિકેટમાં પણ કંઈક આવું જ જોવા મળે છે, પછી ભલે તે બેટિંગ હોય કે ફિલ્ડિંગ.

### ચાંદીનો ભાવ રૂ. ૧.૨૪ લાખને પાર પહોંચી ગયો

# સોનાએ બનાવ્યો અત્યાર સુધીનો સૌથી મોટો રેકોર્ડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

સોમવારે ફ્યુચર્સ ટ્રેડિંગમાં સોનાનો ભાવ ૨૧૧૩ રૂપિયા વધીને ૧,૦૫,૯૩૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો છે. તમને જણાવી દઈએ કે આ સોનાનો અત્યાર સુધીનો સૌથી વધુ ભાવ છે.

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) ખાતે ઓક્ટોબરમાં ડિલિવરી માટે સોનાના કરારનો ભાવ ૨૧૧૩ રૂપિયા અથવા ૦.૨૩ ટકા વધીને ૧,૦૫,૯૩૭ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો. તમને જણાવી દઈએ કે ગયા અઠવાડિયે શુક્રવારે સોનાનો ફ્યુચર્સ ભાવ ૧,૦૪,૦૯૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયો હતો. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સહભાગીઓ દ્વારા નવા સોદા થવાને કારણે સોનાના ભાવમાં વધારો થયો છે.

શુક્રવારે સોનાનો વાયદા ભાવ ૧,૦૪,૦૯૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચી ગયો. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે સહભાગીઓ દ્વારા કરવામાં આવેલા નવા સોદાઓને કારણે સોનાના ભાવમાં વધારો થયો છે. વૈશ્વિક સ્તરે, ન્યૂ યોર્કમાં ડિસેમ્બર ડિલિવરી માટે COMEX સોનાના વાયદા ભાવ $3,552.32 પ્રતિ ઔંસના રેકોર્ડ સ્તરે રહ્યા.

આજે, ફ્યુચર્સ માર્કેટમાં માત્ર સોનું જ નહીં પણ ચાંદીએ પણ તેના બધા જૂના રેકોર્ડ તોડી નાખ્યા હતા.

સોમવારે ચાંદીના ફ્યુચર્સ ભાવ રૂપિયા ૨૫૯૭ ના મોટા ઉછાળા સાથે રૂપિયા ૧.૨૪ લાખને વટાવી ગયા હતા કારણ કે સહભાગીઓએ તેમના દાવમાં વધારો કર્યો હતો. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર ડિસેમ્બર ડિલિવરી માટે ચાંદીના કોન્ટ્રેક્ટનો ભાવ રૂ. ૨૫૯૭ અથવા ૨.૧૩ ટકા વધીને રૂ. ૧,૨૪,૪૭૦ પ્રતિ કિલોગ્રામ થયો હતો.



આ ચાંદીનો અત્યાર સુધીનો સૌથી વધુ ભાવ છે. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે સહભાગીઓ દ્વારા નવા સોદાઓને કારણે ચાંદીના ભાવમાં વધારો થયો છે. વૈશ્વિક સ્તરે, ન્યૂ યોર્કમાં ડિસેમ્બર કોન્ટ્રેક્ટ માટે ચાંદીનો ભાવ ઈ૪૧ પ્રતિ ઔંસના સ્તરને પાર કરી ગયો, જે છેલ્લા ૧૪ વર્ષમાં સૌથી વધુ છે.

ગયા અઠવાડિયે શુક્રવારે દિલ્હીના બુલિયન બજારમાં, ૯૯.૯ ટકા શુદ્ધતાવાળા સોનાનો ભાવ ૨૧૦૦ રૂપિયા વધીને ૧,૦૩,૬૭૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો. આ ઉપરાંત, ૯૯.૫ ટકા શુદ્ધતાવાળા સોનાનો ભાવ પણ ૨૧૦૦ રૂપિયા વધીને ૧,૦૩,૧૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થયો. જોકે, ગયા અઠવાડિયે શુક્રવારે, ચાંદીનો ભાવ તેના ઓલ ટાઈમ હાઈથી ૧૦૦૦ રૂપિયા ઘટીને ૧,૧૯,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ થયો. સોનાની સાથે ચાંદીના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# રેલ સંરક્ષામાં ઉત્તમ કાર્ય બદલ પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક દ્વારા ભાવનગર મંડળના લોકો પાયલોટને સન્માનિત કરવામાં આવ્યા

પશ્ચિમ રેલવે ભાવનગર મંડળના લોકો પાયલોટ (ભાવનગર ટર્મિનસ) શ્રી સંતોષ કુમારને સંરક્ષા ક્ષેત્રમાં ઉત્તમ કાર્ય બદલ પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તા દ્વારા જુલાઈ-૨૦૨૫ માટે “સ્કહર્ક ’રી રૈહંર” એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.



આ સન્માન સમારોહ ૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ (સોમવાર)ના રોજ પશ્ચિમ રેલવે મુખ્યાલય, ચર્ચગેટ ખાતે યોજાયો હતો, જેમાં મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ શ્રી સંતોષ કુમારને મેડલ તથા યોગ્યતા પ્રમાણપત્ર અર્પણ કરીને સન્માનિત કર્યા હતા.


ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે લોકોપાયલોટ શ્રી સંતોષ કુમારની તત્પરતા અને સતર્કતાથી સંભવિત અકસ્માત ટળ્યો હતો. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ પણ શ્રી સંતોષ કુમારને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ આવી જ રીતે ઉત્તમ કાર્ય કરવાનું પ્રોત્સાહન આપ્યું હતું.

### આ કપલ ઈન્ડસ્ટ્રીમાં હેલ્ધી લાઈફસ્ટાઈલ માટે જાણીતું છે

# જેકી ભગનાની અને રકુલ પ્રીત સિંહ રાત્રે ‘સાઈકોસોમેટિક’ ભોજન કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

જેકી ભગનાની અને રકુલપ્રીત સિંહ હંમેશા હેલ્ધી લાઈફસ્ટાઈલ અને હેલ્ધી છતાં ટેસ્ટી ફૂડ કઈ રીતે ખાઈ શકાય અને ભોજનમાં ટેસ્ટી સાથે હેલ્ધી વિકલ્પો કયા કયા છે. જેકી ભગનાનીએ તાજેતરમાં ફરાહ ખાનના યુટ્યુબ રસોઈ શોમાં તેની પત્ની રકુલ પ્રીત સિંહ સાથે તેમને મોડી રાત્રે ભુખ લાગે તો શું કરવું તેનું એક રહસ્ય ખોલ્યું હતું.જેકીએ શેર કર્યું હતું કે ફિટનેસ પ્રેમીઓ તરીકે, તેઓ શારીરિક તંદુરસ્તી સાથે પણ હેલ્ધી ફૂડ સાથે જોડાયેલા છે. જેકીએ આગળ કહ્યું કે, તમને કોઈ પણ પ્રકારના ગિલ્ટ વિના સ્વાદિષ્ટ ભોજન લેવું ગમે છે. જેકીએ કહ્યું, “અમે રાત્રે ચોક્કસ પ્રકારે ખાવાનું કરીએ છીએ. જ્યારે અમને ખરેખર ભૂખ લાગે છે, ત્યારે અમે ‘સાઈકોસોમેટિક’ એપ્લિકેશન પર જઈએ છીએ અને મેનુ તપાસીએ છીએ.” રકુલે કહ્યું, ખાસ તો મોડે સુધી જાગવાનું હોય તો રાત્રે ૧૧ વાગે એટલે આવું લાગે છે. “કારણ કે અમે રાત્રે ૭-૮ વાગ્યે રાતનું ભોજન લઈ લઈએ છીએ.. તેથી, કેટલાક દિવસો તમને એવું લાગે કે હજુ કશુંક ખાવું છે, તમને ક્રેવિંગ થાય છે. તો અમે મેનુ જોઈએ, ફોટો જોઈએ અને વિચારીએ કે અમે કંઈક જોઈએ છીએ



અને અનુભવીએ છીએ કે અમે ખાધું છે. અમને પણ ખાવું ગમે છે.” હેલ્ધી લાઈફ સ્ટાઈલને ચુસ્તપણે પાલન કરતા લોકોનો આ સાઈકોસોમેટિક ભોજનનો કોન્સેપ્ટ ઘણો ટ્રેન્ડિંગ અને અનોખો છે, જેમાં તમે જે જુઓ તે ખાધું છે, એવું મનથી સ્વીકારી લેવાનું છે. રકુલ અને જેકીની આ નિખાલસ કબૂલાતમાંથી રાત્રે કેર્વિંગમાં આખા દિવસની કેલેરીની ગણતરીઓ ફેરવી નાખતા લોકોએ ઘણું શીખવા જેવું છે. આને મનોવૈજ્ઞાનિક આહાર કહેવાય છે.

### છેડતીના વિવાદ પછી


# ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના પાવર સ્ટાર પવન સિંહે માંગી માફી

## અંજલીએ પવન સિંહ પર નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે તે ભોજપુરી ઉદ્યોગ છોડી દેશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

ભોજપુરી ઈન્ડસ્ટ્રીના પાવર સ્ટાર પવન સિંહ અને હરિયાણવી અભિનેત્રી અંજલી રાઘવ વચ્ચેના મતભેદો હવે સમાપ્ત થઈ ગયા છે. જ્યારે આ છેડતી વિવાદ પર હોબાળો થયો હતો, ત્યારે પવને તરત જ અભિનેત્રીની માફી માંગી હતી. પવને દુઃખ વ્યક્ત કર્યુ હતું કે અભિનેત્રી તેના વર્તનને કારણે ઉદ્યોગ છોડવા માંગતી હતી. હવે અંજલીએ પણ આ અંગે પ્રતિક્રિયા આપી છે.અંજલીએ પવન સિંહ પર નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે તે ભોજપુરી ઉદ્યોગ છોડી દેશે. તેનો વીડિયો પણ પવન સુધી પહોંચ્યો હતો, તેણે દુઃખ વ્યક્ત કર્યુ હતું અને માફી માંગી હતી, જે અંજલીએ સ્વીકારી છે. તેમની માફી સ્વીકારીને, અંજલીએ આ વિવાદનો અંત લાવવાનું કહ્યું છે. અંજલીએ તેના ઈન્સ્ટા હેન્ડલ પર પવન સિંહની માફી શેર કરી અને લખ્યું - પવન સિંહજીએ તેમની ભૂલ માટે માફી માંગી છે. તેઓ મારા કરતા મોટા છે અને એક વરિષ્ઠ કલાકાર છે. મેં તેમને માફ કરી દીધા છે. હું આ બાબતને આગળ વધારવા માંગતી નથી. જય શ્રી રામ! પવન સિંહે ઈન્સ્ટા સ્ટોરીમાં લખ્યું હતું - અંજલિ, હું મારા વ્યસ્ત સમયપત્રકને કારણે તમારું લાઈવ જોઈ શક્યો નહીં, પરંતુ મને ખબર પડી કે તમે શું કહ્યું. મને ખરાબ લાગ્યું. મારી લાગણીઓ તમારા માટે બિલકુલ ખોટી નહોતી. કારણ કે અમે કલાકાર છીએ. આ હોવા છતાં, જો તમને અમારા કોઈપણ વર્તનથી દુઃખ થયું હોય, તો હું તેના માટે માફી માંગુ છું.ખરેખર, આ વિવાદ એક પ્રમોશનલ ઈવેન્ટ દરમિયાન થયો હતો, જ્યારે અંજલિ રાઘવ અને પવન સિંહ સ્ટેજ પર હતા. પવન સિંહ અંજલિની કમરને સ્પર્શ કરતા જોવા મળ્યા હતા, જેના કારણે અંજલિ સ્પષ્ટપણે અસ્વસ્થ દેખાઈ રહી હતી. આ વીડિયો વાયરલ થયો અને પ્રેક્ષકો તરફથી ટીકાઓનો દોર શરૂ થયો. પવન સિંહની સાથે, અંજલિના પાત્ર પર પણ સવાલ ઉઠાવવામાં આવ્યા. આ જોઈને, અંજલિ ચૂપ રહી શકી નહીં અને એક વીડિયો જાહેર કરીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. અંજલિએ ઈન્સ્ટાગ્રામ પર બે વીડિયો પોસ્ટ કર્યા જેમાં તેણે પરિસ્થિતિ સ્પષ્ટ કરી કે તેના સ્મિતને ‘સમર્થન’ અથવા ‘મૌન સ્વીકૃતિ’ માનવું ખોટું છે.તેણીએ કહ્યું કે ઘટના સમયે તે ખૂબ જ અસ્વસ્થ હતી, પરંતુ ભીડને કારણે તાત્કાલિક વિરોધ કરી શકી નહીં. અંજલિએ કહ્યું, “હું





હવે ભોજપુરી ઉદ્યોગમાં કામ નહીં કરું. મારી સાથે જે થયું તે ખોટું છે. જો આ ઘટના મારા શહેર હરિયાણામાં બની હોત, તો જનતાએ પોતે જ તેનો જવાબ આપ્યો હોત.” આ સાથે, અંજલિએ માફી માંગવાની પણ માંગ કરી.સોશિયલ મીડિયા પર પવન સિંહની ઘણી ટીકા થઈ હતી. પવન સિંહને શરમ આવવી જોઈએ જેવા ટેગ આપીને તેમને ખૂબ ટ્રોલ કરવામાં આવ્યા હતા. એવું પણ કહેવામાં આવ્યું હતું કે આ વીડિયો સાબિત કરે છે કે પવન સ્ટેજ પર દારૂ પીને આવે છે.

# ‘કિલ’ના ડાયરેક્ટર નિખિલ સાથે હોલિવૂડના યુનિવર્સલ સ્ટુડિયોએ હાથ મિલાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

કરણ જોહર અને ગુનિત મોંગના પ્રોડક્શનમાં તૈયાર થયેલી એક્શન થ્રિલર ‘લક્ષ્ય’ના ખૂબ વખાણ થયા હતા. નિખલ ભટના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મે અનેક ફિલ્મ ફેસ્ટિવલ્સમાં પ્રશંસા મેળવી હતી અને બોક્સઓફિસ પર પણ સારું પ્રદર્શન કર્યુ હતું. ‘કિલ’ની સફળતા પછી નિખિલ ભટ સાથે કામ કરવા બોલિવૂડ અને સાઉથના ઘણાં એક્ટર્સ થનગની રહ્યા હતા. ‘કિલ’માં નિખિલના યોગદાનની નોંધ ભારત ઉપરાંત વિદેશોમાં પણ લેવાઈ હતી, જેના કારણે હોલિવૂડના પ્રખ્યાત યુનિવર્સિલ સ્ટુડિયોએ નિખિલ સાથે મલ્ટિ સ્ટાર, બિગ બજેટ ફિલ્મ બનાવવાનું આયોજન કર્યું છે. હોલિવૂડના અગ્રણી પ્રોડક્શન હાઉસ યુનિવર્સલ સ્યુડિયોના હેડ સાથે નિખલ ભટની મીટિંગ્સ થઈ હતી અને આખરે સ્ટુડિયો દ્વારા નિખલ ભટને ફિલ્મ ઓફર કરવામાં આવી છે. આ ફિલ્મ સાથે નિખિલ ગ્લોબલ એક્શન ફિલ્મમાં ડેબ્યુ કરશે. ફિલ્મની સ્ક્રિપ્ટ હાલ તૈયાર થઈ રહી છે, પરંતુ દિલધડક એક્શન સાથે ભવ્ય ફિલ્મ બનાવવાનું આયોજન છે. નિખિલની કરિયરમાં આ સૌથી મોટો પ્રોજેક્ટ છે અને આયોજન મુજબ કામ આગળ વધ્યું તો વિશ્વના જાણીતા ડાયરેક્ટર્સમાં નિખિલ ભટને સ્થાન મળશે. ફિલ્મમાં હોલિવૂડના ટોચના એક્ટર્સને લેવાની સ્ટુડિયોની ઈચ્છા છે અને કાસ્ટ અંગે વિચારણા ચાલી રહી છે. ગ્લોબલ સ્ટાર્સને ધ્યાનમાં રાખીને જ સ્ક્રિપ્ટ બની રહી છે અને તેમાં હોલિવૂડના જાણીતા સ્ટાર્સ જોવા મળશે. ફિલ્મની સ્ક્રિપ્ટ કે કાસ્ટ અંગેની વિગતો હજુ બહાર આવી નથી. જો કે ૨૦૨૬માં તેને ફલોર પર લઈ જવાનું આયોજન છે.

# પરમ સુંદરી’એ પહેલા જ દિવસે સિદ્ધાર્થ મલ્હોત્રાની ૮ મોટી ફિલ્મોના રેકોર્ડ તોડ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

‘સ્ત્રી ૨’ જેવી હોરર કોમેડી ફિલ્મો આપનાર પ્રોડક્શન હાઉસ મેડોક ફિલ્મ્સે થોડા દિવસો પહેલા જ જોન અબ્રાહમની ‘તેહરાન’ ઓટીટી પર રિલીઝ કરી હતી. હવે આ બેનર ૨૯ ઓગસ્ટે સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાહ્નવી કપૂરની ફિલ્મ ‘પરમ સુંદરી’ સાથે સિનેમાઘરોમાં આવ્યું છે.‘યોદ્ધા’ પછી સિદ્ધાર્થ મલ્હોત્રા અને ‘દેવરા પાર્ટ ૧’ પછી જાહ્નવી કપૂર તેમની લવ સ્ટોરી ફિલ્મ દ્વારા ચાહકો સમક્ષ એકસાથે આવ્યા છે.એક અહેવાલ અનુસાર, ફિલ્મે શરૂઆતના દિવસે સવારે ૧૦:૪૦ વાગ્યા સુધી ૭.૨૫ કરોડ રૂપિયા કલેક્શન કર્યા છે.ફિલ્મ ‘પરમ સુંદરી’ એ શરૂઆતના દિવસના કલેક્શનના સંદર્ભમાં સિદ્ધાર્થ મલ્હોત્રાની આ ફિલ્મોને પાછળ છોડી દીધી છે.જબરિયા જોડી- ૨.૭૦ કરોડ, એ જેન્ટલમેન- ૪.૦૪ કરોડ, ઈત્તેફાક- ૪.૦૫ કરોડ, યોદ્ધા- ૪.૨૫ કરોડ, હસી તો ફાસી- ૪.૬૫ કરોડની કમાણી પહેલા દિવસે કરી હતી.આ ફિલ્મે ઉપરોક્ત ફિલ્મોના કલેક્શનને તોડી નાખ્યું એટલું જ નહીં, પરંતુ અંતિમ ડેટા બહાર આવ્યા પછી ‘બાર બાર દેખો’ (૬.૮૧ કરોડ), ‘કપૂર એન્ડ સન્સ’ (૬.૮૫ કરોડ) અને ‘મરજાવાં’ (૭.૦૩ કરોડ) ના રેકોર્ડ પણ તોડી નાખ્યા.આ ફિલ્મ ૪૦-૫૦ કરોડ રૂપિયાના બજેટમાં બનાવવામાં આવી છે. આ ફિલ્મનું દિગ્દર્શન તુષાર જલોટા દ્વારા કરવામાં આવ્યું છે.

# બોક્સ ઓફિસ ક્વીન બનવા કંગના રણોતે ફરી કમર કસી



(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

કંગના રણોતે એક્ટિંગની સાથે જાહેર જીવનમાં પણ સફળતા મેળવેલી છે. હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી સાંસદ બન્યા પછી કંગના રણોત એક્ટિંગમાંથી નિવૃત્તિ લેશે તેવી અટકળો હતી. આ અટકળોને સીધો રદિયો આપવાના બદલે કંગનાએ એક સાથે બે ફિલ્મોની તૈયારી શરૂ કરી છે. લોકપ્રિય ફિલ્મોની સીક્વલ બનાવવાના ટ્રેન્ડમાં ઝુકાવી કંગનાએ ‘ક્વીન ૨’ અને ‘તનુ વેડ્સ મનુ ૩’ સાથે ફરી એક વાર બોક્સઓફિસ પર છવાઈ જવાનું વિચાર્યું છે. આ વર્ષે કંગનાની ‘ઈમરજન્સી’ રિલીઝ થઈ હતી. પૂર્વ વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીના જીવન અને દેશમાં કટોકટી કાળ આધારિત આ ફિલ્મ ઓડિયન્સને ખાસ પસંદ આવી ન હતી. કંગનાએ આ નિષ્ફળતાને ખંખેરીને આગામી સમયમાં વિકાસ બહલ સાથે ‘ક્વીન ૨’ અને આનંદ એલ રાય સાથે ‘તનુ વેડ્સ મનુ ૩’નું આયોજન કર્યું છે. કંગનાની કરિયરમાં આ બંને ફિલ્મો ખૂબ સફળ રહેલી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ‘ક્વીન ૨’ની સ્ક્રિપ્ટ ફાઈનલ થઈ ગઈ છે અને નવેમ્બરથી શૂટિંગ શરૂ થઈ છે. તેના માટે ભારત ઉપરાંત વિદેશના લોકેશન્સ પસંદ કરાયા છે. લોકેશન્સ પસંદ કરવા માટે વિકાસ બહલ યુકે ગયા હતા. ‘તનુ વેડ્સ મનુ ૩’માં કંગના અને આર માધવન ફરી સાથે જોવા મળશે. આનંદ એલ રાય તરફથી સ્ક્રિપ્ટ તૈયાર થઈ ગઈ છે અને ૨૦૨૬ની શરૂઆતમાં તેને ફલોર પર લઈ જવાનું આયોજન છે. આ ફિલ્મમાં કોમેડી અને ડ્રામાની સાથે કંગનાના એકથી વધુ રોલ રખાયા છે.

# ‘વૉર ૨’ના અણધાર્યા ધબડકા પછી યશરાજના સ્પાયવર્સની આકરી કસોટી

## ફ્રેન્ચાઈઝીના એન્જિનને ફરીથી જીવંત કરવા માટે આલિયા ભટ્ટની ‘આલ્ફા’ પર ભારે પ્રેશર છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

યશરાજના સ્પાય યુનિવર્સની નવી ફિલ્મ ‘વૉર ૨’ માટે ભલે ગમે તેટલું માર્કેટિંગ થયું હોય અને રિલીઝ પહેલાં ભલે ગમે તેટલી રેકોર્ડ તોડવાની વાતો કરવામાં આવી હોય, પરંતુ રિલીઝ પછીના આંકડાઓએ પ્રોડક્શનની બધી જ આશાઓ પર પાણી ફેરવી નાખ્યું છે. એટલે સુધી કે યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સના અસ્તિત્વ સામે પ્રશ્ન ઉઠવા લાગ્યા છે. ‘વૉર ૨’ને પહેલા દિવસે લગભગ ૨૯ કરોડનું ઓપનિંગ મળ્યું હતું. રિતિક રોશન અને જુનિયર NTR બંનેના સ્ટારડમનો લાભ લેવા માટે બનેલી ફિલ્મ ૫૫-૬૦ કરોડનું ઓપનિંગ કરશે એવો અંદાજ હતો, તેથી ઈન્ડસ્ટ્રીના અંદાજ કરતાં ઘણું ઓછું થયું. તેનું આજીવન કલેક્શન અંદાજે ૧૫૦-૧૭૦કરોડ સુધીમાં સમેટાઈ જશે એવો હાલ અંદાજ છે, જે ‘પઠાણ’ અને ‘વૉર(૨૦૧૯)’ની ૪૭૫ કરોડની કમાણીની સરખામણીમાં નબળું છે, જે ૩૧૮ કરોડની કમાણી પર બંધ થયું હતું. વિશાળ બજેટ પર બનેલી આ ફિલ્મ માટે ઈન્ડસ્ટ્રીમાં ખતરાની ઘંટડીઓ વગાડી છે.હવે સ્થિતિ એવી છે કે, શું આ ઠોકર યશરાજ ફિલ્મ્સની આગામી સ્પાય યુનિવર્સની ફિલ્મ, આલ્ફા સામે પણ જોખમ ઉભું થયું છે - જે આલિયા ભટ્ટનાં સ્ટાર પાવર અને ઓલ-ફિમેલ સ્પાય સ્ટોરીની નવી સ્ટોરી લઈને આવશે.જોકે, ઈન્ડસ્ટ્રીના ટ્રેડ એનાલિસ્ટ તરણ આદર્શ આ જોખમ અંગે નિશ્ચિત છે, તેઓ માને છે, “મને એવું નથી લાગતું. કદાચ, અમુક લોકો એવું વિચારતા હશે. પરંતુ દરેક ફિલ્મનું મૂલ્યાંકન અલગ ધારા-ધોરણોના આધારે કરવામાં આવે છે. કલાકારો અલગ હોય છે અને દિગ્દર્શક પણ



અલગ હોય છે.” દર્શકો માટે, આલ્ફામાં નવી સ્ટોરી અને નવી કાસ્ટનો ફાયદો છે, જે તેને ‘વૉર ૨’ના સામાનથી અલગ કરે છે.તેનાથી ઉલ્ટું, અતુલ મોહનને શંકા છે. તેમને લાગે છે,“હા, આ વાત ચોક્કસપણે અસર કરશે. તેમાં ફક્ત સ્ત્રી કલાકારો છે. તેથી કંઈક નવું હોઈ શકે છે. પરંતુ જ્યારે રિતિક અને એનટીઆર જુનિયર તમને ઉત્તેજિત કરી શકતા નથી, ત્યારે આપણે બીજા કલાકારો માટે શું કહી શકીએ? પરંતુ તમને ખબર નથી પડતી કે ફિલ્મ કેવી રીતે ચાલશે અવે કેવી ચાલશે. જો ટોચના જાણીતા સુપરસ્ટાર હિરો પણ સ્પાયવર્સ ચલાવવામાં નિષ્ફળ જાય, તો શું લીડ એક્ટ્રેસના પ્રયોગથી મોટી શરૂઆત થવાની અપેક્ષા રાખી શકાય?”ઝી સ્ટુડિયોના ગિરીશ જોહર માને છે કે આલ્ફાની પ્રોડક્શન ટાઈમલાઈન શ્વાસ લેવાની જગ્યા આપે છે, “મારું માનવું છે કે આલ્ફાનું શૂટિંગ હજુ પ્રક્રિયા હેઠળ છે. પરંતુ હા, તેની પાછળની ક્રિએટિવ ટીમ ચોક્કસપણે આ બાબત ધ્યાનમાં લેશે. અમારી પાસે હજુ બે મહિના બાકી છે. જો તેઓ આ ફિલ્મમાંથી સારી શીખ મેળવી શકે અને આગામી ફિલ્મમાં સુધારો કરી શકે, તો તે ચોક્કસપણે તેમને વધુ ફાયદો કરશે.”

### ‘જટાધરા’નું ટીઝર આ મહિનાની શરૂઆતમાં રિલીઝ થયું હતું

# શિલ્પા શિરોડકર તેલુગુ ફિલ્મ ‘જટાધારા’થી કમબેક કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

વેંકટ કલ્યાણ અને અભિષેક જયસ્વાલની આગામી ફિલ્મ ‘જટાધરા’માંથી એક નવા પાત્રનું પોસ્ટર લોંચ કરવામાં આવ્યું છે. પોસ્ટરમાં બિગ બોસ સીઝન ૧૮માં સ્પર્ધક રહેલી ભૂતપૂર્વ એક્ટ્રેસ શિલ્પા શિરોડકર લોભથી પ્રેરિત યોગિની (તંત્રની સ્ત્રી સાધક) તરીકે થયો છે. પોસ્ટરમાં દેખાય છે કે શિલ્પા આ ફિલ્મમાં યોગિનીની ભૂમિકા ભજવે છે. તેણે કાળી સાડી પહેરેલી છે અને હવનના કૂંડ સામે બેઠી છે, તેનું મોં પહોળું છે અને જીભ બહાર નીકળી રહી છે. નિર્માતાઓએ ગુરુવારે પોસ્ટર શેર કર્યું હતું જેમાં કેપ્શન આપવામાં આવ્યું હતુંઃ ‘તે ફક્ત લોભ ધરાવતી જ નથી પણ તે લોભને નવી વ્યાખ્યા આપશે. શિલ્પા શિરોડકરને શોભા તરીકે રજૂ કરી રહ્યા છીએ.” ૧૯૯૨માં આવેલી મોહન બાબુ અભિનીત ‘બ્રહ્મા’ પછી શિલ્પાની આ બીજી તેલુગુ ફિલ્મ છે, જે ત્રણ દાયકા પછી આ ભાષામાં તેનું કમબેક દર્શાવે છે.



ફિલ્મ વિશે વાત કરતાં શિલ્પાએ કહ્યું, “જટાધરાનો ભાગ બનવાનો મને ખૂબ આનંદ અને રોમાંચ છે. આ એક એવી ફિલ્મ છે જે ચોક્કસપણે દર્શકોને એક અલૌકિક અને રહસ્યમય સફર પર લઈ જશે! તેમાં ઓલૌકિક, અદભુત દ્રશ્યો અને એક વાર્તા છે જે ચોક્કસપણે તમારા બધા પર અસર કરશે!” તેણીએ ઉમેર્યું, “મારું પાત્ર, શોભા, ખૂબ જ શક્તિશાળી છે. તે ખૂબ જ જટિલ અને રસપ્રદ છે. મેં આ પાત્રને જીવંત બનાવવા માટે મારા મન અને આત્માનો ઉપયોગ કર્યો છે અને હું દરેક વ્યક્તિ તેને સ્ક્રીન પર જોવા માટે ઉત્સાહિત છું!” ‘જટાધરા’નું ટીઝર આ મહિનાની શરૂઆતમાં રિલીઝ થયું હતું. એક મિનિટ ૧૨-સેકન્ડની ક્લિપમાં સુધીર બાબુને બલિદાનથી જન્મેલા શક્તિશાળી માણસ તરીકે દર્શાવવામાં આવ્યો હતો, જ્યારે સોનાક્ષી સિંહા, તેના તેલુગુ ડેબ્યૂમાં, લોભથી સર્જાયેલી રહસ્યમય વ્યક્તિ તરીકે ક્યારેય ન જોયેલા અવતારમાં દેખાઈ હતી. ટીઝરમાં બંને વચ્ચે ઘેરા અલૌકિક સંઘર્ષનો સંકેત આપવામાં આવ્યો હતો.જટાધરામાં દિવ્યા ખોસલા, રવિ પ્રકાશ, ઈન્દિરા કૃષ્ણન, નવીન નેની, શ્રેયા શર્મા, સુભાલેખા સુધાકર અને રાજીવ કનકલા પણ છે. શિલ્પા ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકાના અંતમાં હિન્દી ફિલ્મોમાં લોકપ્રિય ચહેરો હતી.

તે તાજેતરમાં જ બિગ બોસ ૧૮ દ્વારા લાઈમલાઈટમાં પાછી આવી હતી, જ્યાં તે વિવિયન ડીસેના, કરણ વીર મેહરા, ચમ દરંગ, નાયરા બેનર્જી, મુસ્કાન બામને અને એલિસ કૌશિક સાથે જોવા મળી હતી. તે છેલ્લે ૨૦૨૦માં આવેલી ફિલ્મ ગન્સ ઓફ બનારસમાં જોવા મળી હતી.

### વિદેશમાં નોકરી અપાવાનો ખતરનાક ખેલ

# ૪૦ યુવકો ચાઈનીઝ ગેંગ પાસે બંધક, સાયબર ફ્રોડ કરવા મજબૂર કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત,

સુરત સાયબર સેલે સાયબર સ્લેવરીના આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ કરી પંજાબથી બે અને સુરતથી એક આરોપીને પકડી પાડયો હતો. ભારતના ૩૭ તથા શ્રીલંકા, પાકિસ્તાનના મળી કુલ ૪૦ નાગરિકોને નોકરીના બહાને થાઈલેન્ડ અને ત્યાંથી ચાઇનીઝ ગેંગના ઈશારે ગેરકાયદે બોર્ડર ક્રોસ કરાવી મ્યાનમાર મોકલી સાયબર ગુલામીના દલદલમાં ધકેલી દેવાયા હતા. આ નાગરિકોને કોલ સેન્ટરમાં બંધક બનાવી ડિજિટલ એરેસ્ટ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ સહિતના સાયબર ફ્રોડ કરવા મજબૂર કરાતા હોવાનો ઘટસ્ફોટ થયો છે. પોલીસ તપાસમાં ચોંકાવનારા ખુલાસા થવાની વકી છે.

સુરત ક્રાઈમ બ્રાન્ચે નોકરીની આશામાં સપનાં જોતા યુવાનોને મ્યાનમાર મોકલી માનવ તસ્કરી કરી રહેલું રેકેટ પકડી પાડાયું છે. સુરત સાયબર ક્રાઇમની ટીમને મોટી સફળતા મળી છે. આ રેકેટમાં યુવાનોને વિદેશ નોકરીના લાલચથી મ્યાનમાર મોકલવામાં આવતા હતા. જ્યાં તેમને ગેરકાયદે સાઈબર ફ્રોડના કોલ સેન્ટરમાં કામ કરાવવામાં આવતું હતું. આ યુવાઓને પગાર USDT – યુએસ ડોલર ટેથર ક્રિપ્ટોકરન્સીમાં ચૂકવવામાં આવતો હતો, જેને બાદમાં એજન્ટ મારફતે રૂપિયામાં કન્વર્ટ કરાતો. મામલામાં મુખ્ય આરોપી નીરવ સહિત કુલ ૩ આરોપીઓને પોલીસે ઝડપી લીધા છે. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે અત્યારસુધી તેઓ આશરે ૪૦ જેટલા યુવાઓને ગેરકાયદે રીતે મ્યાનમાર મોકલી ચુક્યા છે. આ યુવાઓને ચાઈનીઝ ગેંગ માટે કામ કરાવવામાં આવતું હતું. મિયાનમાર પહોંચાડવા માટે યુવાઓને પહેલેથી થાઈલેન્ડ લઈ જવાતાં, ત્યાંથી ગેરકાયદે બોર્ડર ક્રોસ કરાવાતો. સૌથી ચોંકાવનારી વાત એ છે કે જો કોઈ યુવાન કામ કરવાનું ના માને, તો તેમને ‘ઓલ્ટર ઓપશન’ અપાઈ જતી હતી — એટલે કે એવી પરિસ્થિતિ ઊભી કરાતી કે યુવાન પાસે બીજો કોઈ વિકલ્પ ન રહે. આરોપીઓ સોશિયલ મીડિયા પર નોકરીના ઍડ આપતા અને નોકરી ઈચ્છુકોનો સંપર્ક સાધી તેમને વિદેશ મોકલતા.સાયબર સેલની ટીમને બાતમી મળી હતી કે, ભારતના નોકરીવાંચ્છુ યુવકોને વિદેશ નોકરીની લાલચ આપી થાઈલેન્ડ, કંબોડિયા, મ્યાનમાર મોકલી સાયબર સ્લેવરીના રેકેટમાં ધકેલવાનું આંતરરાષ્ટ્રીય રેકેટ ચાલી રહ્યું છે. ચાઈનીઝ ગેંગ કે માફિયાના ઈશારે ભારતીય યુવકોને ગેરકાયદે કોલ સેન્ટરમાં બેસાડી ડિજિટલ એરેસ્ટ, શેર માર્કેટમાં રોકાણ, ક્રિપ્ટોમાં રોકાણ સહિતના સાયબર ફ્રોડ માટે ભારતના જ લોકોને કોલ કરવા દબાણ કરાવાતું હતું. જે બાબતે સુરત સાયબર સેલની ટીમે વર્કઆઉટ કર્યુ હતું. પોલીસને બે શંકાસ્પદ મોબાઈલ નંબરો અને વોટ્સએપ ચેટના ડેટા મળ્યા હતા. આ દિશામાં તપાસ કેન્દ્રિત કરતા મોબાઈલ નંબરધારકોનું ચાઈનીઝ ગેંગ સાથે કનેક્શન મળી આવ્યું હતું.

મોબાઈલ નંબરોનું લોકેશન પંજાબ ખાતે મળતા સાયબર સેલની ટીમ પંજાબ પહોંચી હતી. પંજાબના ઝીરકપુર ખાતે વીઆઈપી રોડ પર પેન્ટા હોમ્સ બિલ્ડિંગમાં દરોડા પાડ્યા હતા. જ્યાં પાંચમા માળે ફ્લેટમાં ઘૂસી પોલીસે નીપેન્દર ઉર્ફે નિરવ લવકુશ ચૌધરી અને પ્રીત રસિક કમાણીને પકડી પાડયા હતા. પોલીસે તેઓ પાસેથી લેપટોપ, ૨ મોબાઈલ, ૨ આઈફોન મળી કુલ રૂપિયા ૧.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. સાયબર સેલ દ્વારા સુરતથી આશિષ રાણા નામના વિઝા એજન્ટની પણ ધરપકડ કરાઈ હતી.

સાયબર સેલની પૂછપરછમાં આરોપી નિપેન્દર ઉર્ફે નીરવ ચૌધરી ચાઈનીઝ કંપનીમાં એચઆર મેનેજર હોવાનું ખુલ્યું હતું. નિપેન્દરે પોલીસ તપાસમાં એલેક્ઝાન્ડર, એન્ઝો, કૂણાલ, નિલેશ પુરોહિત, વિલિયમ, કિંગ વિમ કુંપેંગ એલીંગ, શશાંક, સ્ટ્રોંગ એમ ૧૧ સાગરીતોના નામ લખાવ્યા હતા. જે તમામ સાથે મળી છેલ્લા દોઢ વર્ષથી ભારત તથા અન્ય દેશના લોકોને થાઈલેન્ડમાં કોમ્પ્યુટર વર્કની નોકરીના અપાવવાની લાલચ અપાતી હતી. ઊંચા પગારે નોકરીનો ઝાંસો આપી ભારતના ૩૭ તથા શ્રીલંકાના ૨, પાકિસ્તાનના ૧ એમ કુલ ૩૫ જણાને થાઈલેન્ડ મોકલી ચાઈનીઝ માફિયાઓ મારફતે બોર્ડર ક્રોસ કરાવી મ્યાનમાર ખાતે મોકલી અપાયા હતા.

ચાઈનીઝ ગેંગ સંચાલિત ગેરકાયદે કોલ સેન્ટરમાં બંધક બનાવી ભારત તથા અન્ય દેશના નાગરિકોને ઓનલાઈન છેતરપિંડી કહો કે સાયબર કાઈમ માટે કોલ કરવા દબાણ કરાવાતું હતું. ચાઈનીઝ ગેંગ નીરવને એક વ્યક્તિ દીઠ એજન્ટો મારફતે ૩૦૦૦ યુએસડીટી (રૂપિયા ૩ લાખ) ટ્રસ્ટ વોલેટમા આપતા હતા. રાજકોટના પ્રીત કમાણીએ પૂછપરછમાં જણાવ્યું કે, પોતે વિવેક ભાતુ મારફતે ટૂરિસ્ટ વિઝા પર થાઈલેન્ડ ગયો હતો. જ્યાં એલેક્ષ નામના યુવકે અન્ય સાગરીતો સાથે મળી થાઈલેન્ડમાં નદી ક્રોસ કરાવી મ્યાનમાર દ્વદ્વ૩ નામની ચાઈનીઝ કંપનીમાં લઇ ગયા હતા. અહીં અલગ-અલગ દેશના લોકોને કોલ કરી રોકાણની સ્કીમના નામે સાયબર ફ્રોડના ગુના આચરવાની કામગીરી સોંપાઈ હતી. અંગ્રેજી બોલવામાં તકલીફ પડતા પ્રીતે રાજીનામું આપી દીધું હતું. જેના બદલામાં અન્ય એક માણસ અથવા તો ૪ હજાર ડોલર (૩.૫૦ લાખ રૂપિયા) આપવાની શરત મુકાતા પ્રીતે હરિયાણાના રજનીશ બત્રાને નોકરી માટે મ્યાનમાર બોલાવી પાકિસ્તાની એજન્ટ એલેક્ષ સાથે મુલાકાત કરાવી હતી. તે સમયે પ્રીતની મુલાકાત નીરવ ચૌધરી અને દિલ્હીના કુણાલ સાથે થઇ હતી. નીરવ ઉર્ફે નિપેન્દરે પ્રીતને જણાવ્યું કે, મ્યાનમારમાં ચાઈનીઝ કંપનીના અલગ-અલગ કોલ સેન્ટરો ચાલે છે. ભારતના લોકોને મ્યાનમાર માટે તૈયાર કરશે તો વ્યક્તિ દીઠ ૪૦-૫૦ કમિશન આપવામાં આવશે એવી ઓફર પણ કરી હતી. વધુ માહિતી આપતા સાયબર ક્રાઈમના ડીસીપી બિશાખા જૈને જણાવ્યું કે, રાજકોટના પ્રીતે આશિષ રાણા સહિતના એજન્ટો સાથે મળી ગુજરાત તથા અન્ય રાજયોની ૮ વ્યક્તિને ચાઈનીઝ એજન્ટો મારફતે ઓનલાઈન ઈન્ટરવ્યુ કરાવી નોકરીના નામે થાઈલેન્ડ મોકલી આપ્યા હતા. થાઈલેન્ડથી તેઓને મળતિયા એજન્ટો થકી ગેરકાયદે બોર્ડર કોસ કરાવી મ્યાનમાર મોકલો ચાઈનીઝ ગેંગે અટકાયત કરી કોલ સેન્ટરમાં સાયબર ફ્રોડ માટે મજબુર કર્યા હતા. સાયબર સેલે પ્રીતની પુછપરછના આધારે વિઝા એજન્ટ આશિષ રમણલાલ રાણાની પણ ધરપડ કરી હતી. આશિષને કમિશન પેટે પ્રીતે ૩૦ હજાર રૂપિયા ચુકવ્યા હતા. તેને પ્રીત કમાણીના ઈશારે ૩ વ્યક્તિને થાઈલેન્ડ થઇ મ્યાનમાર મોકલ્યા હતા.

# ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ બદલાવાનો પ્રશ્ન ઠેરનો ઠેર

## ૩૧મી ઓગસ્ટ સુધીમાં નવા પ્રદેશ પ્રમુખ જાહેર થવાની હવા જોરશોરથી હતી, પરંતુ એ જાહેરાત હવે સપ્તાહ ઉપર ગઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

કમુરતા બાદ હવે શ્રાદ્ધ પક્ષ પણ આવી ગયો, પણ ભાજપનો પ્રશ્ન ઠેરનો ઠેર છે. ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ બદલાવાનો પ્રશ્ન ઠેરનો ઠેર છે. મંત્રીમંડળ અને ભાજપ પ્રદેશ પ્રમુખ બદલાવાની વાત હવે લટકતું ગાજર જેવી બની છે. સરકારને પણ માત્ર તેની ચર્ચા થાય અને થતી રહે તેમાં વધુ રસ હોય તેવું લાગી રહ્યું છે. આવામાં હવે નવું આવ્યું છે. પાર્ટી શ્રાદ્ધ પક્ષ પહેલાં ઘણા સમયથી ઠેલાતો પ્રશ્ન ઉકેલવા માંગે છે અને ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત આ સપ્તાહમાં થવાની શક્યતાની વાત વહેતી થઈ છે. શ્રાદ્ધ પક્ષના ૧૬ દિવસ બાદ રાજય મંત્રીમંડળમાં ફેરફારનો મામલો હાથ ધરાશે તેવી અફવા શરૂ થઈ છે. આ મહિને શ્રાદ્ધ પક્ષ આવી રહ્યું છે. જેમાં શુભ કાર્યો થતા નથી. તેથી સપ્ટેમ્બરના પહેલા જ સપ્તાહમાં હાઈકમાન્ડ દ્વારા ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખની જાહેરાત કરી દેવામાં આવશે. સાથે જ નવા મંત્રીમંડળની પણ ચર્ચા થઈ રહી છે. ભાજપમાં ફરી કાનાફૂસી શરૂ થઈ ગઈ છે કે, ૮ સપ્ટેમ્બરથી ત્રણ દિવસનું ટૂંકું વિધાનસભાસત્ર શરૂ થાય એ પહેલાં ૩૧મી ઓગસ્ટ સુધીમાં નવા પ્રદેશ પ્રમુખ જાહેર થવાની હવા જોરશોરથી હતી, પરંતુ એ જાહેરાત હવે સપ્તાહ ઉપર ગઈ છે.

ભાજપ હવે નામોની પસંદગીમાં સરપ્રાઈઝ આપવા ટેવાયેલી છે. ત્યારે કોણ આવે તે કહેવું મુશ્કેલ છે. પરંતું ભાજપના નવા પ્રમુખ ઓબીસી સમાજના અને તે પણ સૌરાષ્ટ્રમાંથી આવે તેવી શક્યતા વધુ દેખાઈ રહી છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર પાટીલે એકાએક ધારાસભ્યો અને પદાધિકારીઓની બેઠકમાં મંત્રીમંડળના વિસ્તરણના સંકેત આપી અનેકની ઊંઘ હરામ કરી. વર્તમાન મંત્રીમંડળમાં કેટલાક સભ્યોને પોતાનું પદ જતું રહેવાની બીકથી ઊંઘ ઊડી ગઈ છે, તો અનેક ધારાસભ્યોને મંત્રી પદ દેખાવા લાગ્યું. એટલે મંત્રીપદ મળશે કે નહીં એ વિચારોને કારણે રાતની ઊંઘ હરામ થઈ. પ્રદેશ પ્રમુખ પદ અને મંત્રીમંડળનું વિસ્તરણ આ બે મુદ્દા છેલ્લા એક વર્ષથી ચર્ચાનો વિષય બન્યો છે.

જ્યારે જ્યારે પણ ચર્ચા નથી થતી, ત્યારે એકાએક પાર્ટીના મોટા નેતા કોઈને કોઈ પ્રકારે સંકેત આપે છે એટલે ફરી પાછી ચર્ચા જોર પકડે છે. હવે સીઆર પાટીલના આ વખતના સંકેત બાદ મંત્રીમંડળના સભ્યો અને ભાજપના કાર્યકર્તાઓ પોતાની સ્થિતિ ટેબલ ટેનિસના દડા જેવી દેખાવા લાગી. એક તરફ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ છે, તો બીજી તરફ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ.

આ બંને રાજકીય મેદાનમાં પહેલા પ્રદેશ પ્રમુખ કે પહેલા મંત્રીમંડળનો બોલ એકબીજાના કોર્ટમાં નાંખે છે. થતું કશું નથી, પણ ભાજપના નેતાઓની સ્થિતિ લટકતા ગાજરને દૂરથી જ જોયા કરીએ તે પ્રકારની થઈ રહી છે.

### ગામડાના રસ્તાઓને ચકાચક કરવા CM નો નિર્ણય

# ૪૧૯૬ કિલોમીટરના રસ્તા માટે ૨૬૦૯ કરોડ મંજૂર

## આ નિર્ણયથી ગ્રામીણ વિસ્તારોને બારેમાસ ઉપયોગમાં લઈ શકાય તેવા અને મજબૂત માર્ગોની સુવિધા પ્રાપ્ત થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ ગુજરાતના માર્ગોની ગુણવત્તા સુધારવા અને કનેક્ટિવિટી વધારવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. રાજ્ય સરકારે તમામ જિલ્લાઓમાં પંચાયત હસ્તકના કુલ ૪૧૯૬ કિલોમીટર લંબાઈના ૧૨૫૮ રસ્તાઓના રિસરફેસિંગ અને સમારકામ માટે રૂ.૨,૬૦૯ કરોડનું ભંડોળ મંજૂર કર્યું છે. આ નિર્ણયથી ગ્રામીણ વિસ્તારોને બારેમાસ ઉપયોગમાં લઈ શકાય તેવા (ઓલ-વેધર) અને મજબૂત માર્ગોની સુવિધા પ્રાપ્ત થશે, જેના પરિણામે ગામડાઓનું આર્થિક અને સામાજિક જીવન વધુ સુગમ બનશે. આ પ્રોજેક્ટ્સને ત્રણ મુખ્ય ભૌગોલિક પ્રદેશોમાં વહેંચવામાં આવ્યા છે, જેથી સમગ્ર રાજ્યના ગામડાઓનો સમાન વિકાસ સુનિશ્ચિત થઈ શકે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓનું નેટવર્ક સુધારવા માટે એક દૂરોગામી નિર્ણય લીધો છે. લાંબા સમયથી જનપ્રતિનિધિઓ અને નાગરિકો તરફથી ગામડાઓમાં બારેમાસ ચાલુ રહે તેવા, ટકાઉ અને સુગમ માર્ગોની માંગ હતી. આ માંગને ધ્યાનમાં રાખીને, મુખ્યમંત્રીએ રાજ્યભરના ગ્રામીણ માર્ગોને સશક્ત બનાવવા માટે ?૨,૬૦૯ કરોડની માતબર રકમ ફાળવવાની જાહેરાત કરી છે.

આ ભંડોળનો ઉપયોગ પંચાયત હેઠળ આવતા માર્ગોના રિસરફેસિંગ અને તેને સંબંધિત અન્ય કાર્યો માટે કરવામાં આવશે.

આ ભંડોળ દ્વારા કુલ ૪૧૯૬ કિલોમીટરના ૧૨૫૮ માર્ગોનું નવીનીકરણ કરવામાં આવશે. આ પ્રૉજેક્ટનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોને શહેર અને મુખ્ય માર્ગો સાથે વધુ સારી રીતે જોડવાનો છે, જેનાથી વાહનવ્યવહાર સરળ બનશે અને સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે.

**આ પ્રૉજેક્ટને ત્રણ પ્રદેશોમાં વહેંચવામાં આવ્યો છે જેથી દરેક વિસ્તારમાં સમાન વિકાસ થાયઃ**

ઉત્તર ગુજરાતઃ આ પ્રદેશમાં ૧૬૦૯ કિલોમીટર લંબાઈના કુલ ૪૮૭ માર્ગોના સમારકામ અને રિસરફેસિંગનું કાર્ય હાથ ધરવામાં આવશે. આ પગલું ઉત્તર ગુજરાતના ગામડાઓને વધુ સુદૃઢ રોડ કનેક્ટિવિટી આપશે.

દક્ષિણ ગુજરાતઃ દક્ષિણ ગુજરાતમાં ૧૫૨૮ કિલોમીટરના ૪૯૯ માર્ગોને નવીન સ્વરૂપ આપવામાં આવશે. ચોમાસામાં પણ સરળતાથી અવરજવર થઈ શકે તેવા ઓલ-વેધર રોડ અહીંના સ્થાનિકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

સૌરાષ્ટ્રઃ સૌરાષ્ટ્રના ગામડાઓને જોડતા ૧૦૫૯ કિલોમીટરના ૨૭૨ ગ્રામીણ માર્ગોનું રિસરફેસિંગ કરવામાં આવશે. આનાથી સૌરાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારો પણ રાજ્યના મુખ્ય આર્થિક કેન્દ્રો સાથે વધુ અસરકારક રીતે જોડાઈ શકશે.

આ માર્ગોનું કાર્ય પૂર્ણ થતાં ગ્રામીણ રોડ નેટવર્ક ઇન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનશે, જે નાના ગામોથી લઈને તાલુકા અને જિલ્લા મથકો સુધીની અવરજવરને સરળ બનાવશે. આ પગલું માત્ર પરિવહન જ નહીં, પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં વસતા લોકોના જીવનધોરણને સુધારવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવશે.

### બંગાળની ખાડીમાં નવી સિસ્ટમ થશે સક્રિય!

# ગુજરાતમાં સાત દિવસ યલો અને ઓરેન્જ એલર્ટ

## બીજી તારીખે દક્ષિણ ગુજરાતનાં નવસારી અને વલસાડમાં જ યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

ગુજરાતમાં હાલ કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે આજે પહેલી સપ્ટેમ્બરના રોજ હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી સાતમી સપ્ટેમ્બર સુધી અનેક વિસ્તારોમાં ઓરેન્જ અને યલો એલર્ટ છે.

આગામી ૨૪ કલાકમાં બંગાળની ખાડીમાં લો-પ્રેશર સક્રિય થવાની સંભાવના છે. જે બાદ ગુજરાતમાં ક્યાં ક્યાં ભારે વરસાદ વરસશે તે અંગેની હવામાન વિભાગની આગાહી જોઈએ.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે સરેરાશ દરિયાઈ સપાટી પર મોન્સૂન ટ્રફ બિકાનેર, અજમેર, ગુના, દમોહ, રાયપુર, પુરી અને ત્યાંથી પૂર્વ-દક્ષિણપૂર્વ તરફ મધ્ય બંગાળની ખાડીમાં પસાર થયું છે.

ઉત્તર-પશ્ચિમ મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારોમાં સરેરાશ દરિયાઈ સપાટીથી ૦.૯ કિમી ઉપર અપર એર સર્ક્યુલેશન ચાલુ રહે છે. રાજસ્થાનના મધ્ય ભાગો પર અપર એર સર્ક્યુલેશન યથાવત છે અને સરેરાશ દરિયાઈ સપાટીથી ૧.૫ કિમી ઉપર ફેલાયેલું છે. મોન્સૂન ટ્રફ એમ્બેડેડ ચક્રવાતી પરિભ્રમણથી ઉપર પસાર થતો ૦.૯ કિમી સુધી ફેલાયેલું છે. ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ ની આસપાસ ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી પર એક નવું લો-પ્રેશર બનવાની સંભાવના છે.

વેધર મેપ પ્રમાણે બીજી તારીખે દક્ષિણ ગુજરાતનાં નવસારી અને વલસાડમાં જ યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી છે.

ત્રીજી તારીખે નર્મદામાં ઓરેન્જ એલર્ટ સાથે અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ ઉપરાંત દાહોદ, છોટાઉદેપુર, તાપી, નવસારી, ડાંગ અને વલસાડમાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની આગાહી છે. ચોથી તારીખને ગુરુવારે વરસાદની તીવ્રતા વધતી હોય તેમ લાગી રહ્યું છે. ચાર જિલ્લામાં એટલે કે, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં ઓરેન્જ એલર્ટની સાથે અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ ઉપરાંત ગીરસોમનાથ, અમરેલી, ભાવનગર, અરવલ્લી, ખેડા, આણંદ, મહીસાગર, પંચમહાલ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે.

પાંચમી તારીખે બોટાદ, અમરેલી, ભાવનગર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડમાં ઓરેન્જ એલર્ટ સાથે અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે ૧૭ જિલ્લામાં ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

છઠ્ઠી તારીખને શનિવારે બોટાદ, ભાવનગર, ભરૂચ, સુરત, નવસારી, વલસાડમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવી છે. એટલે કે આ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની આગાહી છે. આ ઉપરાંત ૨૩ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે. સાતમી તારીખે ગુજરાતનાં છ જિલ્લા સિવાયના તમામ જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે.

# મોરબીના હળવદના ચરાડવા ગામે ગટરની સમસ્યાથી લોકો પરેશાન

(સંપૂર્ણ સમાચાર સેવા)મોરબી,

હળવદ તાલુકાના ચરાડવા ગામે વર્ષોથી ભૂગર્ભ ગટરની કોઈ સુવિધા નથી. જેથી સ્થાનિક લોકોએ અનેક વખત અધિકારીઓ અને પદાધિકારીઓને રજૂઆત કરી છે તેમ છતાં પણ તેમનો પ્રશ્ન ઉકેલાયો નથી, જેથી આજે કલેક્ટર કચેરી ખાતે ચરાડવા ગામના લોકો ’ગટર નહીં તો મત નહીં’ ના સૂત્રોચાર કરીને કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

મોરબી જિલ્લા સહિત સમગ્ર દેશની અંદર સ્વચ્છતા ઉપર કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ભાર મૂકીને ઘર ઘર શૌચાલય સહિતની યોજનાઓને અમલમાં મુકવામાં આવી છે અને જાહેરમાં ગંદકી ન થાય તેના માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જો કે, મોરબી જિલ્લાના હળવદ તાલુકાના ચરડવા ગામે ઉલ્ટી ગંગા જેવો ઘાટ જોવા મળી રહ્યો છે. ચરાડવા ગામની વાત કરીએ તો આ ગામમાં આજની તારીખે ૧૫,૦૦૦ની વસ્તી છે અને હળવદ તાલુકાનું સૌથી મોટું ગામ છે. જો કે વર્ષોથી આ ગામમાં ભૂગર્ભ ગટર બનાવવામાં આવી નથી.એવું નથી કે આ ગામના લોકોને ભૂગર્ભ ગટરની સુવિધા જોઈતી નથી, પરંતુ ધારાસભ્ય, સાંસદ, અધિકારી અને સ્થાનિક નેતાઓને અનેક વખત રજૂઆત કરવામાં આવેલી છે તો પણ ગામના લોકોને રજૂઆતને ધ્યાને લઈને ગામના લોકોના પ્રશ્ન ઉકેલાય તેના માટેની કોઈ કામગીરી કોઈએ કરેલી નથી.

એટલે જ તો આજે ૨૧મી સદીમાં ચરાડવા ગામના લોકોને ભૂગર્ભ ગટરની સુવિધા મળે તેના માટે જન આંદોલન કરવું પડ્યું છે. ચરાડવા ગામેથી મહિલાઓ સહિતના અંદાજે ૨૫૦થી વધુ લોકો આગેવાનોને સાથે રાખીને મોરબી કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા અને ત્યાં કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું અને ’ગટર નહીં તો મત નહીં’ના સૂત્રોચાર પણ કર્યા હતા.

# વાપીમાં પુત્રીની હત્યા કરનાર જનેતાને આજીવન કેદની સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)વાપી,

વાપીના લવાછા ગામે વર્ષ ૨૦૨૨માં સગી જનેતાએ ત્રણ વર્ષીય માસૂમ પુત્રીને ઉંદર મારવાની દવા પીવડાવી હત્યા કર્યાના કેસમાં વાપી એડિશનલ સેશન્સ કોર્ટે આરોપી માતાને આજીવન કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકારતો ચૂકાદો આપ્યો હતો. માતાએ ગુસ્સામાં આવી પુત્રીની હત્યા કરી પોતે ફાસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તે પહેલા સ્યુસાઈડ નોટ લખી હતી.

કેસની વિગત એવી છે કે, વાપીના લવાછા ગામે બાપુ નગરમાં રાજીવકુમાર શિવધારી પાલ પરિવાર સાથે રહે છે. ગત ૯ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ રાજીવ પાલ ઘરે જ હતો. બપોરના સમયે રાજીવ પાલ બીજા રૂમમાં સૂતો હતો. તે દરમિયાન તેની પુત્રી લક્ષ્મીએ તેના પિતાને જણાવ્યું હતું હતું કે મમ્મી નાનીબેન ક્રિષ્ણા સાથે રૂમમાં ગઇ છે અને અંદરથી દરવાજો બંધ કરી દીધો છે.

રાજીવ દોડીને રૂમમાં ગયો તો પત્ની માયા લટકતી હાલતમાં મળી આવી હતી અને તાત્કાલિક જ ટુપો કાપી નાખ્યો હતો. જયારે ૩ વર્ષીય પુત્રી ખાટલા પર બેભાન હાલતમાં મળી આવી હતી.

બંને માતા-પુત્રીને સેલવાસ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા બાદ ફરજ પરના તબીબે ત્રણ વર્ષીય ક્રિષ્ણાને મૃત જાહેર કરી હતી. પોલીસે બાળકીની હત્યા અને આપઘાતના પ્રયાસ અંગે ગુનો દાખલ કર્યો હતો. પોલીસને સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં માયાએ ગુસ્સામાં આવી પુત્રીને ક્રિષ્ણાને ઉંદર મારવાની દવા પીવડાવી દીધી અને મને માફ કરજો એવો ઉલ્લેખ કર્યો હતો. પોલીસે આરોપી માતાની ધરપકડ કર્યા બાદ ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસ સંદર્ભે વાપી એડિશનલ સેશન્સ કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણીમાં ડીજીપી અનિલ ત્રિપાઠીએ પુરાવા સાથે દલીલો કરી હતી. જજ એચ.એન. વકીલે આરોપી માતા માયા પાલને આજીવન કેદની સજા અને રૂ. ૧૦ હજારનો દંડ ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે. વાપીના લવાછામાં ત્રણ વર્ષીય પુત્રીની હત્યાના કેસમાં આરોપીના પતિ અને મૃતક બાળકીના પિતા રાજીવ પાલે પોલીસમાં ફરિયાદ કરી હતી. કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન ફરિયાદી એવા રાજીવ પાલ પોલીસમાં કરેલી ફરિયાદ અને કોર્ટ સમક્ષ કરેલી જુબાનીમાં ફરી (હોસ્ટાઈલ) ગયો હતો. જો કે જજે કેસની ગંભીરતા અને પુરાવાને લઈ આરોપી માતાને દોષી ઠેરવી હતી.

### અનેક રજૂઆતો છતાં કોઈ નિરાકરણ નથી

# ઉત્તર ઝોનમાં આવેલું મુઠીયા ગામ, જે વિકાસથી કોશો દૂર છે

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ,

અમદાવાદ કોર્પોરેશન રાજ્યનું સૌથી ધનાઢ્ય કોર્પોરેશન છે...આ કોર્પોરેશનમાં જે પણ નવા વિસ્તારો ભેળવવામાં આવે છે તેનો વિકાસ જ નથી.વાત એક એવા ગામની છે જેનો સમાવેશ તો વર્ષો પહેલા થયો પરંતુ આજ પણ ગામ પ્રાથમિક સુવિધાઓ ઝંખી રહ્યું છે.થોડા દિવસ પહેલા જ વિકાસના અભાવે એક બાળક મોતને ભેટ્યાનો આક્ષેપ લાગ્યો છે.

અમદાવાદ મહાનગરપાલિકાના ઉત્તર ઝોનમાં આવેલું મુઠીયા ગામ, જે વિકાસથી કોશો દૂર છે.૧૯૮૭થી કોર્પોરેશનમાં સમાવિષ્ટ થયું, પણ ૩૮ વર્ષ પછી પણ પીવાના પાણી, ગટર, રસ્તા અને સુવિધાઓનો અભાવ. GIDCમાંથી આવતા કેમિકલ ડસ્ટ અને દુર્ગંધથી ગ્રામજનોનું જીવન નરક બન્યું છે. અનેક રજૂઆતો છતાં કોઈ નિરાકરણ નથી.

વિકાસથી વંચિત આ ગામમાં તાજેતરમાં વિકાસના અભાવે એક બાળકનું મોત થયું. ૨૫ ઓગસ્ટે ૮ વર્ષનો રિધમ ઠાકોર મિત્રો સાથે તળાવે ગયો.

અન્ય બાળકો પરત ફર્યા, પણ રિધમ ડૂબી ગયો. ૨૪ કલાક પછી ફાયર બ્રિગેડે મૃતદેહ કાઢ્યો. ગ્રામજનોએ તળાવ પર ચાલતા અધૂરા કામ પર નારાજગી વ્યક્ત કરી..AMCએ કોન્ટ્રાક્ટરને વોલ બનાવવાનું સોંપ્યું, પણ કોન્ટ્રાક્ટરની વિગતો ક્યાંય નથી, સિક્યોરિટી ગાર્ડ પણ નહોતો.

આ સિવાય, તળાવ પાસે ચોમાસું પાણી નિકાલ માટેના પરકોલેટિંગ વેલના કામમાં ખાડાઓથી લોકો પડતા હોવાના આક્ષેપ. તાજેતર તૈયાર આંગણવાડી પણ શરૂ નથી, જેથી લોકો વંચિત છે. ગ્રામજનો કહે છે, આ કામો પૂરા થતાં આજે રિધમ જીવતો રહેતો.

આ મામલે AMCના આસિસ્ટન્ટ સીટી એન્જિનીયર હિર મોદીએ સ્થળ મુલાકાત લીધી, પણ ઓન-કેમેરા બોલવા ઇનકાર કર્યો. તેમનું ઓફ-રેકોર્ડ નિવેદન કેમેરામાં કેદ થયું.

### ગુજરાતમાં માનવ બલિનો કિસ્સો

# યુવકે સંતાનપ્રાપ્તિ માટે ૫ વર્ષની બાળકીના હાથ-પગ બાંધીને નદીમાં ફેંકી

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ,

ગુજરાતમાં ફરી એકવાર માનવ બલિની ઘટના બની છે .આણંદના નવાલખ ગામના યુવકે ૬ વર્ષની બાળકીનું અપહરણ કરીને તાંત્રિકવિધી કર્યા બાદ નદીમાં ફેંકી દીધાની ચોંકાવનારી ઘટના બની છે. પોલીસે યુવકની અટકાયત કરી છે. હાલ ફાયર બ્રિગેટનીની મદદથી સિંઘરોટ નદીમાં બાળકીની શોધખોળ હાથ ધરાઈ છે.

આણંદના નવાખલ ગામનો ૬ વર્ષની બાળકીની તાંત્રિક વિધિ બાદ મીની નદીમાં ફેંકી દેવાઈ હોવાનો આરોપ ઉઠ્યો છે .નવાખલ ગામના યુવકે બાળકીનું અપહરણ કરી સિંધરોટ પાસે તાંત્રિક વિધિ કરી હતી. તાંત્રિક વિધિ બાદ યુવકે બાળકીને સિંધરોટ પાસે મીની નદીમાં ફેંકી દેવાઈ. આંકલાવ પોલીસે યુવકની અટકાયત કરી છે. યુવકને લઈને પોલીસે સિંધરોટ પાસે નદીમાં બાળકીની શોધખોળ હાથ ધરાઈ છે. ફાયર બ્રિગેડની મદદથી પોલીસ તપાસ હાથ ધરાઈ છે.

તપાસમાં સામે આવ્યું કે, નવાખલ ગામની તુલસી સોલંકી ગતરોજ સાંજે મંદિરે રમવા જવાનું કહી ઘરેથી નીકળી હતી, પરંતુ ઘેર પાછી ન ફરતાં પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. ત્યારબાદ પરિવારે પોલીસને જાણ કરી હતી. જેના બાદ માનવ બલિનો કિસ્સો ખૂલ્યો. બાળકીને કાકાના મિત્રે ભુવાના કહેવાથી બલિ ચડાવી હતી અને સિંધરોટ નદીમાં ફેંકી દીધી હતી.

તપાસ દરમિયાન તુલસીના કાકાના મિત્ર અજય પઢિયાર શંકાની સોય ગઈ હતી. પોલીસે તેને અટકાયત કરી સઘન પૂછપરછ કરતાં અજય પઢિયાર ભાંગી પડ્યો હતો અને કબુલાત કરી કે, તે તાંત્રિક વિધિ માટે ભુવા પાસે ગયો હતો. સંતાન પ્રાપ્તિ માટે ભુવાએ તાંત્રિક વિધિ માટે બાળકીની બલિ આપવા કહ્યું હતું.

આંકલાવમાં ૬ વર્ષની બાળકીને નદીમાં ફેંકવાનો મામલો ચોંકાવી દે તેવો છે. અજય પઢિયાર નામના શખ્સે પુત્ર જન્મની મહેચ્છામાં તાંત્રિક વિધિ કરી હોવાની શંકા છે. નવાખલ ગામનો અજય પઢિયાર નામનો યુવક તુલસી નામની બાળકીને બાઈક પર બેસાડી લઈ ગયો હતો. બાળકીને મકાઈ ખવડાવવાના બહાને લઈ ગયો હતો. અજય પઢિયારે પાંચ વર્ષની તુલસી નામની બાળકીના હાથ પગ અને મોઢું બાંધી બાળકીને નદીમાં ફેંકી હોવાની કબૂલાત કરી છે. બાળકીને નદીમાં ઉંધી લટકાવી ફેંકી હોવાનું યુવકે કબૂલ્યું છે.

હાલ સિંધરોટ પાસે મીની નદીમાં પોલીસની તપાસ ચાલુ છે.